૭૪૭૫

સ્ત્રીગીત સંગ્રહ.

કિંમત ૪ આના.

સૌ. કંકુબાઈ સ્મારક ગ્રંથમાળા, નં. ૭

स्त्रीगीत संग्रह.

રચનાર,

કહાનજી ધર્મસિંહ.

નિવાસ-મુંબઈ.

પ્રસિદ્ધકર્તા,

૭૪૭૫

गुजरात वर्नाक्युलर सोसाइटी.

અમદાવાદ:

ધી રાજનગર ટાઇપફાઉન્ડરી પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૫૬. ઇ. સ. ૧૯૦૦.

મૂલ્ય. ૦-૪-૦.

૧૫૩૫

(સર્વ હક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ
સ્વાધીન રાખ્યા છે.)

સૌ. કંકુબાઇ સ્મારક ગ્રંથમાળાનો ઉપોદ્‌ઘાત.

કચ્છના દિવાન રા. બા. મોતીલાલ લાલભાઇનાં પત્નિ સૌ. કંકુબાઇ ઓગણત્રીશ વર્ષની જુવાન વયે સ્વર્ગવાસી થયાં; તેમના શુભ ગુણના સંભારણામાં મિત્રવર્ગ તરફથી રૂ. ૫૦૦ ની રકમ એકઠી કરી તેને "સૌ. કંકુબાઈ સ્મારક ફંડ" એવું નામ આપી, સન ૧૮૮૯ માં તે સોસાઇટીના ટ્રસ્ટમાં અમૂક શરતોએ સોંપવામાં આવ્યું છે. તે શરતો અન્વયે તે ફંડના વ્યાજમાંથી અમદાવાદની રા. બા. મગનભાઇની કન્યાશાળામાં માસિક રૂ. ૫ ની એક સ્કોલરશીપ તથા તેજ કન્યાશાળામાં વાર્ષિક રૂ. ૨૫ નાં પુસ્તકોનું ઇનામ આપતાં જે રકમ વધે, તેમાંથી સ્ત્રીજાતિની કેળવણી પ્રચાર પામે અને સ્ત્રીઓની નીતિ તથા બુદ્ધિની તેમજ સાંસારિક સુખસંપત્તિની વૃદ્ધિ થાય એવાં ઉપયોગી પુસ્તકો ભાષાન્તર, સારોદ્ધારરૂપ કે નવીન ઇનામ આપી રચાવવામાં આવે છે. તે પ્રમાણે આજ સુધી નીચે મૂજબ પુસ્તકો **"સૌ. કંકુબાઈ સ્મારક ગ્રંથમાળા"** ના નામથી સોસાઇટીએ પ્રસિદ્ધ કર્યાં છે:—

૧ સ્ત્રી જાતિ વિષે વિવેચન.
૨ ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા.
૩ મા અને દીકરી અથવા પૈસો અને તેની કરકસર.
૪ ઘરમાં વપરાતી ચીજોનું રસાયણ.
૫ અબળા સંજીવન.
૬ છોકરાંઓની આરોગ્યતા.
૭ સ્ત્રીગીત સંગ્રહ.

ગુ. વ. સોસાઇટીની ઓફીસ, તા૦ ૨૫ જુન સન ૧૯૦૦.

પ્રવેશક વચન.

ગુજરાતી વાચકવર્ગને રા. કહાનજી ધર્મસિંહનું નામ કવિ અને લેખક તરીકે જાણીતું છે. હું લગભગ પચીશ વર્ષથી કવિ કહાનજીને ઓળખું છું અને તેમના લેખ જોતો આવું છું; તે ઉપરથી કહી શકું છું કે તેમની કવિતાની સરળતા, તેમાંના બંધબેસતા ઉપમા અલંકારો, તેનું પદલાલિત્ય અને કવિનો ઉચ્ચ ઉદ્દેશ દિવસે દિવસે અખંડ ધારાવત્ મને પ્રતીત થાય છે; તેની સાથે તેમની વિદુષી પત્ની સૌ. માણેકબાઈનું જ્ઞાન, સુશીલ વર્તન તથા વકતૃત્વ, કવિને સહાયક થતાં જાણી મને પરમ સંતોષ થાયછે.

અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી ગુર્જર સાહિત્યની પોષક માતા તથા ગુર્જર લેખકોની આશ્રયદાતા રૂપે સુપ્રસિદ્ધ છે. તેણે આ કવિની વાણીને 'સ્ત્રી-ગીત' નામથી સંગ્રહી આપણી ગુર્જર સ્ત્રીઓને નિર્દોષ અને હિતકારક વાંચન તથા ગાયન પૂરૂં પાડી તેમની સ્તુતિપાત્ર સેવા બજાવી છે. નવરાત્રી વગેરે પ્રસંગે જે ગીત ગરબા ગવાય છે, તેને ઠેકાણે જો આ ચોપડીમાંની ગરબીઓ ગવાશે તો પરિણામે બાળ-કેળવણીમાં, સ્ત્રી-કેળવણીમાં, અને ઘર-કેળવણીમાં તે એક પુષ્ટિદાયક સાધન થઈ પડશે, એમ ધારવામાં આવેછે.

જૂનાગઢ તા. ૪-૬-૧૯૦૦ સોમ-મધ્યાન્હ.	ગણપતરામ અનુપરામ ત્રવાડી. પૂર્વે પ્રિન્સિપાલ, મેલ ટ્રેનિંગ કૉલેજ રાજકોટ; હાલ વિદ્યાધિકારી જૂનાગઢ; જાત મહેનત, દરિયાપારના દેશોની વાતો, સદ્વર્તન વગેરે રચનાર.

પ્રસ્તાવના.

——o()o——

જાણનારાઓ જણાવે છે, કે એકલો પુરુષ કંઇ મનુષ્ય નથી, તેમ એકલી સ્ત્રી મનુષ્ય નથીઃ પણ પુરુષ અને સ્ત્રી બન્નો મળીને એક મનુષ્ય થાય છે. આમ હોવાને લીધે પુરુષની ઉન્નતિનો સ્ત્રી ઉપર અને સ્ત્રીની ઉન્નતિનો પુરુષ ઉપર આધાર છે. અને મનુષ્યત્વ શરીરના બાહ્ય રૂપમાં નહિ પણ આત્માના આંતર રૂપમાં રહેલું છે; એટલે કે વસ્તુતાએ સારાપણું અને સાચાપણું એજ મનુષ્યત્વ છે.

એ સ્પષ્ટ છે કે આ દૃષ્ટિથી જોતાં આપણા ગરીબ દેશમાં હાલ મનુષ્યો ઘણાં થોડાં છે. સ્ત્રી-પુરુષને મનુષ્યત્વ આપવું, એ કર્ત-વ્ય ધર્મનું છે; પણ તે ધર્મ પોતાની સાથે બીજાં ઘણાં સાધનોને ઉપયુક્ત કરે છે. એમાં કવિતા એક મુખ્ય સાધન છે, એટલું અ-ત્યાર સુધીમાં દુનિયાને વિદિત થઇ ચૂકયું છે.

નહિ કે મ્હારા અલ્પ પ્રયાસને આમ લખીને હું અઘટિત ગૌ-રવ આપવા ઇચ્છું છું. ખરી અને જીવતી કવિતા હજી ગુજરાતમાં ગવાયેલી નથીઃ કારણ કે એવી કવિતાને જન્મ આપનારાં હૃદયો હજી તૈયાર થયાં નથી. દરમિયાન દરેક સાચો પ્રયત્ન તે દેશમાં હોય તેટલે અંશે ઉપયોગી ગણાવો જોઇએ; અને મ્હારા પોતાના પ્રયત્નને માટે હું વધારે દાવો કરતો નથી.

પ્રસ્તુત "સ્ત્રીગીત સંગ્રહ" યોજવામાં મ્હારો મુખ્ય ઉદ્દેશ નિશા-ળોમાં અને કુટુંબોમાં કેળવાયેલી સ્ત્રીઓના ઉપયોગને માટે ઉપદેશનું એક સાધન પૂરૂં પાડવાનો છે. ઉદ્દેશ એ હોવાથી ગીતો માત્ર ગવાય તેથી સફળતા થઇ શકે તેમ નથી. આટલા માટે ગુજરાતી બહેનોને

મ્હારી વિનંતી છે, કે ગાતાં અને સંભળાવતાં કાનને આનંદ આપવાની સાથે હૃદય ઉપર અસર કરવાને પણ તેમણે પ્રયત્ન કરવો જોઇએ; અને યાદ રાખવું જોઇએ, કે રાગ હૃદયમાંથી નીકળતો હોય ત્યારેજ તે હૃદય ઉપર અસર કરી શકે છે.

હાલ તો આપણા સંસારની એવી સ્થિતિ છે, કે દરેક કેળવાયલી સ્ત્રીએ યથાશક્તિ ઉપદેશનું કામ કરવું જોઇએ; અને તેટલા માટે ઉપદેશની અસર થાય તેવા ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. જે પ્રમાણે સૂર્ય પોતે પ્રકાશિત હોવાથીજ કશા વ્યાખ્યાન વગર પણ ગ્રહોને પ્રકાશિત કરી શકે છે, તે પ્રમાણે ગુણવડે ગુણ આપી શકાય છે; અને પોતાનામાં ગુણ ન હોય તો ઉપદેશની કશી અસર થતી નથી. દયા, સરળતા, નમ્રતા, વિવેક, ડહાપણ—એ ગુણો જો કેળવાયેલી સ્ત્રીઓમાં આવે, અને તેઓ તે પોતાની બહેનોને શીખવવાને તન-મનથી યત્ન કરે, તો આપણાં કુટુંબોનું રૂપ થોડાં વર્ષોમાં ફરવા લાગે. એક પણ સ્ત્રી જો ખરો પ્રયત્ન કરે તો તે નિષ્ફળ જાય નહિ; કારણ કે ખરા પ્રયત્નો જ્ઞાનના હોઇને અમર છે.

છેવટે પરમ દયાળુ પરમેશ્વરને એ પ્રાર્થના છે કે આપણા દેશનાં સ્ત્રી–પુરુષનાં હૃદયો ઉપર તે પોતાનો પ્રકાશ મોકલે; અને આપણે તેના ઉપર અને તેટલા માટે એક–બીજાં ઉપર સાચો સ્નેહ રાખતાં શીખીએ. તથાસ્તુ !

અનુક્રમણિકા.

૭૫૩૫

સ્ત્રીગીત સંગ્રહ.

विश्वंभरनी स्तुति.

(ગરબી.*)

વિશ્વંભર ભરણ કરો સર્વનું, કૃપાનિધાન;
વેણુ વદે મનુજ માત્ર ગર્વનું, કૃપાનિધાન. ૧
તું સમાન નથી અન્યનું ગણું, કૃપાનિધાન;
ભક્તિ શક્તિ આપ ભાવથી ભજું, કૃપાનિધાન. ૨
કીડીને કણ હાથિને મણ પુરો, કૃપાનિધાન;
ભૂખ દુઃખ રોગનો કરો ચુરો, કૃપાનિધાન. ૩
ભૂખ્યું ઉઠે પણ ન ભુખ્યું કો સુવે, કૃપાનિધાન;
આપના પ્રતાપને અનુભવે, કૃપાનિધાન. ૪
વનમાં જનમાં અને પ્રવાસમાં, કૃપાનિધાન;
ઘરમાં દરમાં અને આકાશમાં, કૃપાનિધાન. ૫
જળમાં સ્થળમાં ને સર્વ વિશ્વમાં, કૃપાનિધાન;
ભૂત વર્તમાન ને ભવિષ્યમાં, કૃપાનિધાન. ૬
સર્વ વ્યાપિ સાક્ષિ રૂપ સૌખ્યદા, કૃપાનિધાન;
ઝગઝગતું જ્યોતિરૂપ સર્વદા, કૃપાનિધાન. ૭
ભૂલતા ગમાર તુજ પ્યારને, કૃપાનિધાન;
તોય તું વધાર ઊપકારને, કૃપાનિધાન. ૮
ભક્તિ રૂપિ અમૃત તે ના ગમે, કૃપાનિધાન;
ચિત્ત ચળિત વસ્તુમાં ઘણું ભમે, કૃપાનિધાન. ૯

---

* “ઉભા રહો તો કહું એક વાતડી”—ઈત્યાદિ રાહ.

શાન્તિ આપિ કાળ ઝાળ ટાળજો, કૃપાનિધાન,
દુષ્ટ બુદ્ધિ બીજ સહૂ બાળજો, કૃપાનિધાન. ૧૦
માત્ર મને આપ તણો આશરો, કૃપાનિધાન;
જેવો તેવો તોય સંઘરો, કૃપાનિધાન. ૧૧
શાન્તિ શાન્તિ શાન્તિ સદા માગિયે, કૃપાનિધાન;
કાન નિત્ય લગિ પાય લાગિયે, કૃપાનિધાન. ૧૨

प्रभुभक्ति.

(ગરબો.*)

જય જગતપતી જગદીશ,
અખિલ અવિનાશ રે,
કરજોડીને લાગું પાય,
ધરી તુજ આશ રે. ૧
જગ અગણિત દુઃખનું મૂળ,
શાન્તિ ચિત ના મળે;
લોભ લાલચની મહા શૂળ,
કરે દુઃખ પળ પળે. ૨
અલ્પ સુખને હું માનું અપાર,
એનીજ પૂંઠે ભમું;
કરૂં વિવિધ વિધિ ઉપચાર,
ખાલી દેહને દમું. ૩
સરે કે ન સરે કાંઇ અર્થ,
ધાર્યું ધૂળમાં મળે;

---

* "સખી આવીઓ કારતક માસ"—એ રાહ.

કરે તર્ક તથાપિ અપાર,
ચંચળ ચિત્તડું ચળે. ૪
તારા પ્રેમની લાગે લગંન,
મટે મોહ આપદા;
જ્ઞાન ભક્તિ ગમે દિન રાત,
રહું ટેકમાં સદા. ૫
નાશે કુમતિરૂપી અંધકાર,
વૈરાગ્ય વિધુ[1] વડે;
એવી પ્રેર બુદ્ધિ પરમેશ,
કલહ[2] કદિ ના નડે. ૬
કરિયે ઉત્તમ સુખકર કામ,
નીતિ નવ છોડિયે;
અનીતિથી રહી દૂર કાન,
તને હાથ જોડિયે. ૭

(ગરબો.[3])

કરો કિરતાર કૃપા આપ;
મટે તનના તો ત્રિવિધ તાપ.—કરો૦ (ટેક.)
જ્યોતિ જેવું ઝગઝગતું સત્ય,
નીતિ—નૂર તેવું દિસે નિત્ય;
આપો ઇશ જેથિ કરૂં સુકૃત્ય. કરો૦ ૧
દયા મયા નમ્રતા ને ભક્તિ,
કરે સહુ તાપ થકી મુક્તિ;
આપો અવિનાશ એવી શક્તિ. કરો૦ ૨

---

૧ ચન્દ્ર. ૨ કજીઓ–કંકાસ. ૩ "આવો હરિ શિવશંકર ભોળા"—ઈ૦ રાહ.

રૂડાં કામ દામથી રહું દૂર,
રૂડા અર્થ ગર્થમાં થઉં શૂર;
પ્રેરો પ્રભુ એવિ મતિ પૂર. કરો૦ ૩
વાંચું લખું ગાઉં સુણું નીતિ,
ચાહું તેમ ચાલું રાખી ભાતિ;
આપો એવી વૃત્તિ મતિ પ્રીતિ; કરો૦ ૪
રહું તુજ ધ્યાન વિષે રંગી,
થઉં શુદ્ધ બુદ્ધ* તણો સંગી;
નહિ કામ ક્રોધ વાતે તંગી. કરો૦ ૫

(પદ-કહારવો.†)

ગાઉંજી હું ગાઉંજી, હરિ તુજવણ કોને ગાઉંજી—(ટેક.)
વિપતનાં વાદળ ચડી આવે, મનમાં મસ મુંઝાઉંજી. હરિ૦ ૧
ગર્વિ સ્વારથી કૈક સંબંધી, તેથી શું સુખિ થાઉંજી. હરિ૦ ૨
ફોકટ ફંદે ફૂલિ ફસાઇ, છેવટ બહુ પસ્તાઉંજી. હરિ૦ ૩
હારિ હરિ દુસ્તર દુનિયાથી, તારિ સહાયતા ચાહુંજી. હરિ૦ ૪
કાપ કુમતિ ઝટ આપ સુમતિ તું, જ્ઞાનપથે ગુંથાઉંજી. હરિ૦ ૫
કુકર્મથી કર મુક્ત કૃપાળુ, ફરિ ઠોકર નહિ ખાઉંજી. હરિ૦ ૬
કાન કરીને તન મન નિર્મળ, ભક્તિ સુધા§ પિઉં પાઉંજી. હરિ૦ ૭

(ગરબી-ધોળ.‡)

કર કરુણા રે કર કરુણા;
દીનાનાથ દયાળ; મુજને હરિ તુજ આશ રે. કર કરુણા૦ ૧
મ્હારો તું છું રે, મ્હારો તું છું રે; પ્રાણનો પ્રતિપાળ;
હું તારા દાસનો દાસ રે,— કર કરુણા૦ ૨

---

* બુદ્ધિવાન. † "હરિ એ વચની નહિં થાઉંજી"—એ રાહ.
§ ભક્તિરૂપી અમૃત. ‡ "સર્વે જૂઠું રે સર્વે જૂઠું".—ઇ૦ રાહ.

સહુ જૂઠું રે સહુ જૂઠું રે, જગ આળ પંપાળ;
માયાનો મિથ્યા ભાસ રે,— કર કરુણા૦ ૩

કરી કુડું રે કરી કુડું રે, આપું તૂજને આળ;
વિશ્વાસનો નથિ વાસ રે,— કર કરુણા૦ ૪

કાગી ક્રોધી રે, કામી ક્રોધી રે, શોધું હું ગધલાળ;*
શુદ્ધ બુદ્ધિનો ન પાસ રે,— કર કરુણા૦ ૫

તાર ત્રાતા રે તાર ત્રાતા રે; કર ઝાલિ કૃપાળ;
કાન ટાળિ સહુ ત્રાસ રે,— કર કરુણા૦ ૬

ભૂધરની ભક્તિ.

(ગરબો.‡)

જે અપાર છે ઉપકારી બેન,
તે ભૂધર ભજિયે ભાવે;
જગમાં જેની બલિહારી બેન,
તે ભૂધર ભજિયે ભાવે. ૧
જળ થળ પળમાં નિપજાવે બેન,
તે ભૂધર ભજિયે ભાવે;
નિત અન ધન આપિ નિભાવે બેન,
તે ભૂધર ભજિયે ભાવે. ૨
જે નિશ દિન દુખડાં કાપે બેન,
તે ભૂધર ભજિયે ભાવે;

---

* લોભરૂપી મધલાળ. ‡ " શ્રીમુખ સુંદર જોવાને."—ઇ૦ રાહ.

સુખ શાન્તિ સઘળે થાપે એન,
તે ભૂધર ભજિયે ભાવે. ૩
જે જગતપિતા ને જનની એન,
તે ભૂધર ભજિયે ભાવે;
જે જાણે વાતો મનની એન,
તે ભૂધર ભજિયે ભાવે. ૪
શુભ બુદ્ધિબળ દેનારો એન,
તે ભૂધર ભજિયે ભાવે;
મદ મોહ લોભ હરનારો એન,
તે ભૂધર ભજિયે ભાવે. ૫
નિર્મળ નિશ્ચળ ને ન્યાયી એન,
તે ભૂધર ભજિયે ભાવે;
પૂરણ પ્રભુતા પથરાઇ એન,
તે ભૂધર ભજિયે ભાવે. ૬
પૃથ્વી પાણી પર્વતમાં એન,
તે ભૂધર ભજિયે ભાવે;
વ્યાપક જે સકળ જગતમાં એન,
તે ભૂધર ભજિયે ભાવે. ૭
જ્ઞાની જન ધ્યાને નિરખે એન,
તે ભૂધર ભજિયે ભાવે;
જે સત્સંગ સદા ઉગારે એન,
તે ભૂધર ભજિયે ભાવે. ૮
સંશય સહુ દૂર કરીને એન,
તે ભૂધર ભજિયે ભાવે;
શુભ ભક્તિભાવ ભરીને એન,
તે ભૂધર ભજિયે ભાવે; ૯

પાતક પાખંડ પ્રજાળે બેન,
તે ભૂધર ભજિયે ભાવે;
મન શમ દમ નિયમે વાળે બેન,
તે ભૂધર ભજિયે ભાવે. ૧૦
સુંદર સુખકર સર્વેશ્વર બેન,
તે ભૂધર ભજિયે ભાવે;
ભયભંજન કાન વિશંભર બેન,
તે ભૂધર ભજિયે ભાવે. ૧૧

धर्मज्ञाननो महत्त्वं.

(ગરબો.*)

બેનિ ધર્મજ્ઞાન ધ્યાન દઈ લીજિયે જો;
બને શુદ્ધ કર્મ તે સદૈવ કીજિયે જો.—બેનિ૰ (ટેક)
ધર્મજ્ઞાન વિના જન્મ વૃથા જાણવો જો;
લોભ લાલચનો ભાર તેમ તાણવો જો.— બેનિ૰ ૧
ધર્મ ધ્યાનવડે પાપ પ્રજળે સહૂ જો;
ફળે ભાગ્ય મળે માર્ગ ભવવિષે બહૂ જો;— બેનિ૰ ૨
ધર્મજ્ઞાન વિના જ્ઞાન કશા કામનું જો;
ધર્મધન વિના અસંખ્ય ધન નામનું જો;— બેનિ૰ ૩
ધર્મ પ્રેમ વિના પ્રેમ મોહ જાળ છે જો;
વિશ્વ સિંધુ વિષે વ્યાળ[1] તે કરાળ[2] છે જો;— બેનિ૰ ૪

---

* "મહા કોપ થયો તે કળિકાળમાં જો."—ઈ૰ રાહ.

૧ સર્પ. ૨ ભયંકર.

ધર્મ ગ્નાનરૂપ નાવથી† તરી ધણી જો;
મિરાં-રોહિ-કરમેતિ-સિતા સદ્‌ગુણી જો;— બેનિ૦ ૫
સત્ક્રિયા વિચાર સાર શુદ્ધ પેખશો જો;
દેહે દુઃખ પણ એથકી ન દેખશો જો;— બેનિ૦ ૬
વ્યર્થ ડોળ ને તજાવિ સુખ આપશે જો;
પાપથી બચાવિ શુદ્ધ છાપ છાપશે જો;— બેનિ૦ ૭
રહ્યું જગત સર્વ ધર્મતણી ઓથથી જો;
ધર્મથી રહીત કોઇ પણ સ્થળ નથી જો;— બેનિ૦ ૮
ચાર વેદ ને અઢારે પુરાણમાં જો;
અન્ય લોક થોકના બધા લખાણમાં જો;— બેનિ૦ ૯
ધર્મ સ્થાપિત છે જગતતણા જન્મથી જો;
જેના ધ્યાનમાં ઋષિ-મુનિ રહ્યા મથી જો;— બેનિ૦ ૧૦
એવા ધર્મથી વિમુખ મૂર્ખ થાય છે જો;
પશુ પ્રાણિથી પતીત તે ગણાય છે જો;— બેનિ૦ ૧૧
કાન શુદ્ધ ધર્મ ગ્નાન ના વિસારિયે જો;
નિત્ય નિયમ વડે જીવિત સુધારિયે જો;— બેનિ૦ ૧૨

બાળાઓને બોધ.

(પ્રભાત—ઝૂલણા.*)

નિત્ય પરભાતમાં‡ ઉઠિ સહુ બેનિયો,
પરમ પરમેશનું નામ લીજે;
પૂર ઉત્સાહ આનંદ હૃદયે ભરી,
કાજ સઘળાં પછી ઠીક કીજે,— નિત્ય પરભાતમાં૦ ૧

---

† વહાણ. * " મળી માત ને તાત પ્રભાતમાં."—ઈ૦ રાહ. ‡ પ્રભાત.

સ્નાન કીધા થકી શરિર સુધરે અને,
રોગનો ભોગ થાતાંજ બચિયે;
ચિત્ત સુધારવા ઈશ આરાધિયે,
જગત જંજાળમાં તો ન ફસિયે.—નિત્ય પરભાતમાં૦ ૨
માત ને તાત પદ પ્રણમિયે પ્રેમથી,
રેંગથી ભાંડુમાં ભાવ આણી;
કાજ સહુ શિખિયે ઘર તણાં§ ઉલટથી,
ઉચ્ચરિયે મુખ થકી મધુર વાણી.—નિત્ય પરભાતમાં૦ ૩
પાઠ પ્રેમે કરો હાઠ મૂકી દઈ,
વગર ગોંગાટ જ્યાં આઠ વાગે;
બાળપણ સમય છે શીખવાનો રૂડો,*
કોટિ યત્ને ન મળશેજ આગે.— નિત્ય પરભાતમાં૦ ૪
સુજનના સંગનો રંગ લેવો સદા,
દુર્ગુણી દેખિને દૂર ખસવું;
સુખમાં દુ:ખમાં જીવ આનંદ રે'
એમ તન મનને ખુબ કસવું.— નિત્ય પરભાતમાં૦ ૫
શીખવા ખંતથી સકળ સદ્‌ગુણ રૂડા,
સાંભળો વાત પણ નિત્ય સારી;
સુધરે તોજ આ લોક પરલોકને
કાન નિંદાય નહિ કોઈ નારી.— નિત્ય પરભાતમાં૦ ૬

कायारूपी परपोटो.

(ગરબો.*)

કાચી આ કાયા કેવળ રે,
જાણે જળનો પરપોટો;

---

§ ઘરકામ. * "શ્રીમુખ સુંદર જોવાને."—એ રાહ.

પગમાં ચંચળ ને નિર્બળ રે,
જાણે જળનો પરપોટો. ૧
એ ફૂટ દઈ ફૂટી જાશે રે,
જાણે જળનો પરપોટો;
આવરદા જળ ઢોળાશે રે,
જાણે જળનો પરપોટો. ૨
છે ખોટી એની મમતા રે,
જાણે જળનો પરપોટો;
તો પણ મનને નહિ શમતા રે.
જાણે જળનો પરપોટો. ૩
છે રંગ બેરંગી ભભકો રે,
જાણે જળનો પરપોટો;
પણ ચાર ઘડીનો ચટકો રે,+
જાણે જળનો પરપોટો. ૪
'મારૂં મારૂં' શું કરવું રે,
જાણે જળનો પરપોટો;
કર વિચાર નિશ્ચે મરવું રે,
જાણે જળનો પરપોટો. ૫
હાથે તે સાથે આવે રે,
જાણે જળનો પરપોટો,
નહિ કોઈ કાન બચાવે રે,
જાણે જળનો પરપોટો. ૬

+ શોભા; ચટક.

શૂરી સતીઓ.

(પદ-ધન્યાશ્રી.*)

શૂરી સતીઓ ક્યાં છે, એવી શૂરી સતીઓ ક્યાં છે? (ટેક.)
પતિ સાથે વનવાસ વિચરતી, સીતા માતા ક્યાં છે? એવી૦ ૧
પતિ ગત વાત સુણી મરનારી, મદાલસા સમ ક્યાં છે? એવી૦ ૨
નાગનાથની સેવા કરતી, ભોગવતી પણ ક્યાં છે! એવી૦ ૩
શમ દમ નિયમે દૃઢ રહેનારી, દમયંતી તે ક્યાં છે? એવી૦ ૪
પાંચાળી સમ પરમ પુનીતા, શુદ્ધ સાવિત્રી ક્યાં છે? એવી૦ ૫
સુલોચના,-તારા,-રૂખમણિ સમ, સુલક્ષણાઓ ક્યાં છે? એવી૦ ૬
આડંબર અનસુયા તણો પણ, વર્તન તેવું ક્યાં છે? એવી૦ ૭
પતિભક્તિની સાચી શક્તિ, કોઇક વનિતામાં છે. એવી૦ ૮
કળિકાળમાં કપટિ કુટિલા, કુલટા ઘર ઘરમાં છે! એવી૦ ૯
કાન પ્રયત્ન વડે શું ન બને, પણ પ્રયત્ન તે ક્યાં છે? એવી૦ ૧૦

સતીનાં લક્ષણ.

(હોરી તાલ દીપચંદી.‡)

સતી પતિવ્રત્ત પ્રમાણે, માનિ મહા મોજ એ માણે. (ટેક.)
પરઘર વાસ વિશેષે વસતાં, અંતર પરિતાપ આણે;
સર્પ ફેણપર પગ મૂકવો વા, વિંછી ચ્હડાવવો છાણે,
એવું ઉર જોખમ જાણે,— સતી પતિવ્રત્ત૦ ૧

---

* " કબ સમરોગે રામ "—ઈ૦ રાહ.

‡ " ઋતુરાજ બસંતહિ આયો "—ઈ૦ રાહ.

વિષયી પુરુષ સાથ વદવું પડે જો, કામ પ્રસંગે કો ટાણે;
કર્પિનું ધન લૂંટાય તેવું મન, દુઃખ અતિશય આણે,
વદે એમ વેણ પરાણે*.— સતી પતિવ્રત્ત૦ ૨

નિંદિતજનનું વદન નિરખવું; ચોથનો ચંદ્ર પિછાણે;
કોપ આરોપને પાપનું કારણુ, નેહ તેમાં કદિ નાણે,
કપેજ કટાક્ષને બાણે,— સતી પતિવ્રત્ત૦ ૩

નિજની સ્થિતિમાં સંતોષ માની, મોહે ન મોટે ઠેકાણે;
પતિપદમાં કરે પ્રેમ અખંડિત, મારે પતિ કદિ પ્હાણે,
પ્રીતિ અતિ તેમાંજ તાણે,— સતી પતિવ્રત્ત૦ ૪

ચિત્ત ચળાવવા ચતુરા તણું કોઇ, ચોક પૂરે મોતિ દાણે;
ભાણે ભરે ભાત ભાતનાં ભોજન, રીઝવે સુંદર ગાણે,
રતિપૂર પ્રેમ ન આણે,— સતી પતિવ્રત્ત૦ ૫

સુઘડ સલૂણી સતી તે મહામતિ, લાયક લેખી લખાણે:
પાક્યા જેની કૂખે વીર પુરૂષ શુભ, નોંધ છે ગ્રંથ પુરાણે,
કહાન કહો શું વખાણે ?— સતી પતિવ્રત્ત૦ ૬

पतिनी भक्ति.

(ગરબો.§)

સતી ગણો પ્રાણથી પતિ પ્યારો રે; એજ શિક્ષણનો સાર સારો,
સતી ગણો૦ (ટેક.)

પતિ આજ્ઞાને પ્રેમે પ્રમાણી રે, એના હૃદયનું હારદ જાણી રે;
એજ માનો ખરી સુખ ખાણી,— સતી ગણો૦ ૧

---

* નાખુશીથી. § " રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે "—ઈ૦ રાહ.

પતિ ભક્તિમાં રાખી આસક્તિ રે, છળ કપટની છાંડવી યુક્તિ રે;
રાખવી અતિ નિર્મળ વૃત્તિ,— સતી ગણો૦ ૨
કાન્તા કથન કવિતા સમાન રે; વદે વિબુધ વડા વિદ્વાન રે;
તેનું કાં નવ જાળવો માન,— સતી ગણો૦ ૩
પતિનિંદા કરે જે નારી રે, અપયશની તે અધિકારી રે;
થાય અંતે અતિ દુખિયારી,— સતી ગણો૦ ૪
'પ્રેમદા' નામ પ્યારૂં તમારૂં રે, 'રામા'–'રમણી' ને 'સુંદરિ' સારૂં રે;
ગર્વ અવગુણે આજ અકારૂં,— સતી ગણો૦ ૫
પતિ રૂપે ગુણે રીઝી રે'વું રે, સત્ય વચન સ્વીકાર કે'વું રે;
સંગે સુખ દુઃખ આવે તે સ્હેવું,— સતી ગણો૦ ૬
લઈ ટેકતણી દૃઢ થાવું રે, જૂઠા જનને ઓળે* નવ જાવું રે;
ગુણવંત ગંભીર ગણાવું,— સતી ગણો૦ ૭
દ્વેષ ક્લેશને ફેંકી દૂર રે, મદ મત્સર તજિયે જરૂર રે;
કાન કામિનીનું એજ નૂર,— સતી ગણો૦ ૮

प्रमदा प्रमोद.

(ગરબો.*)

પ્રીતમ તમે પ્રાણ થકી પ્યારા;
જાણું મારા નેણ તણા તારા. પ્રીતમ૦ (ટેક)
પૂજું શુદ્ધ ભાવ હૃદય આણી;
જપું શિરછત્ર જિવન જાણી. પ્રીતમ૦ ૧
વચન પ્રાણવલ્લભ ન ઉથાપું;
ઘટે તેવો યોગ્ય ઉત્તર આપું. પ્રીતમ૦ ૨

---

* પડછાયે. * " મારા રે સ્વામી બોલોને વ્હાલા "—ઈ૦ રાહ.

સ્વામી મુખ એજ શ્રીમુખ* સાચું;
દર્શન કરી દીલ વિષે રાચું. પ્રીતમ૦ ૩
રહું આપ આધીન સહુ ટાણે;
સુખે દુઃખે છાયાગતિ પ્રમાણે. પ્રીતમ૦ ૪
સાસરિયું તો તીર્થસ્વરૂપ રૂડું;
પિયરિયાંને પ્રેમ તજી ન પિડું. પ્રીતમ૦ ૫
નણદી ગંગારૂપ પાવનકારી;
દિયર બાળબંધુ આનંદકારી. પ્રીતમ૦ ૬
સ્વામી સખા તેમજ જો જેઠ;
આપું માન, પૂજું વડિલ પેઠ. પ્રીતમ૦ ૭
શ્વસુર પક્ષ પ્યારો થયો મારો;
પિયરિયાંનો પંથ કર્યો ન્યારો. પ્રીતમ૦ ૮
પિયરિયુંએ પ્રીય પનોતું થજો;
ગઇ બધી બાળપણાની મજો! પ્રીતમ૦ ૯
અચળ હજો નાથ તણું નામ;
આપ્યાં જેણે તન-મન-ધન-ધામ. પ્રીતમ૦ ૧૦
થયાં પ્રેમ મંત્રે પરાયાં મારાં;
અવર મંત્ર તંત્ર નહિ સારાં. પ્રીતમ૦ ૧૧
મળે ધર્મ-અર્થ આદિક ચારે;
મહા લાભ સ્વામિ સેવાથિ મારે. પ્રીતમ૦ ૧૨
ભલી ભુંડી ભર્તા ન પરહરશો;
દેવા સદ્બોધ કૃપા કરશો. પ્રીતમ૦ ૧૩
માગું પ્રભુ પાસે મતિ એવી;
રહું નિત્ય નાથ ચરણ સેવી. પ્રીતમ૦ ૧૪

---

* ઈશ્વરનું મુખ.

પરમ પ્રેમ અરસપરસ રાખે;
સરસ રસ કાન સદા ચાખે. પ્રીતમ૦ ૧૫

(ગરબી—મેવાડો.*)

પ્રાણના આધાર રે, પ્યારા પ્રાણના આધાર; (ટેક)
નામ જપું હું આપનું રે, ચાતકને ઘન† જેમ;
ઘનને મન તો કાંઇ ન મળે, ચાતક ચિંતા પ્રેમ રે—પ્યારા૦ ૧
થોડા જળની માછલડી તેમ, હું દુઃખી દિન રેન;
પડિ વિખૂટી ઝૂરે મારાં, નીરે ભર્યાં નેણ રે,— પ્યારા.૦ ૨
આપ પ્રવાસે હું અહિં ત્રાસે, નિંદ ન આવે નાથ;
જ્યાં જાઓ ત્યાં છાયા પેરે, સ્વામી રાખો સાથ રે,—પ્યારા૦ ૩
મણિ પ્રીતમ મસ્તક કેરા, હૈયાં કેરા હાર;
આપ વિયોગે લાગે મુજને, આ સંસાર અસાર રે,—પ્યારા૦ ૪
જૂદાં પડતાં જીવન જિવડો, આપ વિના અકળાય;
વૈભવ લાગે વીખ સરિખા, દોહ્યલા દિન ન જાય રે,—પ્યારા૦ ૫
વિસ્તારીને વિનતિ કરવા, ચાલે નહિ મુજ વાણ;
જલ્દિ આવી આશા પૂરો, કાન ચતુર સુજાણ રે—પ્યારા૦ ૬

मातानी स्तुति.

(ગરબી.‡)

ગુણસાગર પરમ કૃપાળ, માતની બલિહારી;
જેણે કરિ નિત સંભાળ, ભાવ હૃદય ધારી.— (ટેક.)

---

* " રંગ માણે સારા રાજ રે, રંગ."—ઈ૦ રાહ. † વર્ષાદ.
‡ " અલબેલી રે અંબેમાત, જોવાને જઇએ."—ઇ૦ રાહ.

બારે ભવ આતુરતા વેઠી, જેણે દિન ને રજની રે;
તે માતાની ઘડી ન થાએ, ગાઉં ગુણ શું સજની? માતની॰ ૧
સારાં સગાં સંબંધી બહુ પણ, માત સમાન ન કોય રે;
નિઃસ્વારથ નિર્મળ મન જેનું, સદા સર્વદા સ્હોય. માતની॰ ૨
કામદૂધા કે કલ્પવૃક્ષ એ, અનપૂર્ણા અંબાજી રે;
દેવી જેવી દિગંત સુધી, કીર્તિ જેની ગાજી. માતની॰ ૩
દયા તણી શું સાચી પ્રતિમા, ક્ષમા તણો અવતાર રે;
શી હું ઉપમા માને આપું, ભલપણનો ભંડાર. માતની॰ ૪
લાલન પાલન જે કરનારી, ધરનારી પુર પ્રેમ રે;
ક્ષેમ કારણે નિશ દિન ધરતી, જે અંતરમાં રેમ. માતની॰ ૫
મળ મૂત્રાદિક જાતે કાઢી, ઝાઝું કર્યું જતંન રે;
રાંક રતન મુજને માનીને, કહ્યું ન મર્મ વચંન. માતની॰ ૬
સેવા કરવી પાળવી આજ્ઞા, બાળકનો એ ધર્મ રે;
નીતિ ડાંપણ કેળવણીનો, જે છે મોટો મર્મ. માતની॰ ૭
સમજ વગર મકલાઇ મનેથી, મિથ્યા માન ન ધરિયેરે;
જણાય જો કંઇ સમજફેર તો, કાન વિનંતી કરિયે. માતની॰ ૮

પવિત્ર પ્રેમની પ્રશંસા.

(ગરબો.*)

પ્રેમતણું કારણ તે પ્રેમી જાણશે,
અજાણ જનને તેનો શો ઉપયોગ જો;
ઉત્તમ પ્રેમતણી કિંમત થાતી નથી,
ઇશ્વર તત્વ તણો જેમાં સંજોગ જો. પ્રેમતણું॰ ૧

---

* "ઓધવજી સંદેશો કહેજો શ્યામને"—ઇ॰ રાગ.

મદાલસા–ઋતુધ્વજ પ્રેમી પૂરાં હતા,
સત્યવાન–સાવિત્રી પરમ પવિત્ર જો;
પ્રેમપાત્રનાં સાચાં ચિત્રો તે જ છે,
ચરિત્રરૂપે વાંચો તેહ ખચીત જો. પ્રેમતણું૦ ૨
સુખનાં સાધન તે પાસે સહુ તુચ્છ છે,
સ્વચ્છ પ્રેમનો જ્યાં છે પૂર્ણ પ્રકાશ જો;
એક જ તન મન તેનાં નિશ્ચે જાણવા,
જોવામાં આવે તે એ આભાસ જો. પ્રેમતણું૦ ૩
પતિગતનો સંદેશો સહજ જ સુણતાં,
કરતા જેના પ્રાણો સ્વર્ગ પ્રયાણ જો;
પરમ પ્રેમ તે પતિ–પત્નીનો માનિયે,
સતી થવાની વાતો નથી અજાણ જો. પ્રેમતણું૦ ૪
રાજમ્હેલ પ્રભુતામાં પ્રેમ ન સાંપડે,
જડે ન વિદ્યાવંત વિષે તે લેશ જો;
જંગલમાં મંગલકારી કહિયે મળે,
પૂર્વ પુણ્ય સંચિત બળ હોય વિશેષ જો. પ્રેમતણું૦ ૫
અખુટ અકળ અવિચળ અવિગત એ પ્રેમ છે,
અતર્ક્ય ને વળિ ઇશ્વિરપદનું રૂપ જો;
ધર્મ મોક્ષ સિદ્ધિ જે આપે સ્હેલથી,
છે મુસ્કેલ થવું પણ તે તદ્રૂપ જો. પ્રેમતણું૦ ૬
શુદ્ધ પ્રેમ આ લોક અને પરલોકમાં,
આપે ઇચ્છિત સુખ ને રૂડી સાહ્ય જો;
કાન અનંત ગુણો તે દૈવી પ્રેમના,
ઓલવશે લાલચ લુબ્ધાની લાહ્ય જો. પ્રેમતણું૦ ૭

कुसंगनो त्याग.

(ગરબી–ઘોળ*)

પરહરિયે રે એ પ્રેમને, જેમાં લાંછન લેશ; (ટેક.)
રૂપે કદિ નહિં રીઝિયે, ગુણ ગણિયે વિશેષ— પરહરિયે૦ ૧
સત્ય ને શીલ જેથી ઘટે, ઘટે પ્રભુપદ પ્રેમ;
સિદ્ધિ સુબુદ્ધિ જેથી ઘટે, વાધે વિધવિધ વ્હેમ. પરહરિયે૦ ૨
કિંમત નેહ તણી નહિં, જર લોભ જરૂર;
માયા દયા તો ક્યાં થકી, એવાં લોભિને ઉર. પરહરિયે૦ ૩
ગર્વથિ ગુણને વિસારીને, કરે અવગુણ શોધ;
પલ પલ પલટે વિચારને, દીલ લે ન સુબોધ. પરહરિયે૦ ૪
અધિક અધિરતા બતાવિને, રૂંધે મિત્રના પ્રાણ;
કારણ કાર્ય જોયા વિના, ચાહે આપ કલ્યાણ. પરહરિયે૦ ૫
ગરજ મટે ભૂલી જાય ને, કરે છેક નિરાશ;
સન્મુખ જાણે ન્હોતાં મળ્યાં, તેમ તોડે વિશ્વાસ. પરહરિયે૦ ૬
જૂઠાણામાં જુગતે રમે, જૂઠાં ઉભે વચન;
જૂઠું કહે ને જૂઠું કરે, ખાય જૂઠા સોગંન. પરહરિયે૦ ૭
અગણિત ગુણ ગાઇ ગાઇને, આપે અગણિત દોષ;
લેશ જો ચિંતવ્યું ના બને, થાય ઉર અસંતોષ. પરહરિયે૦ ૮
ક્હેવાય તેમ કેંવાય ના, થવાથી નિરૂપાય;
શંકા કરે શઠતા ધરી, કર્યું સર્વ ધોવાય. પરહરિયે૦ ૯
ઉગારે ઇશ એ માર્ગથી, એવું ઇચ્છજો બેન;
કાન સુસંગથી સર્વદા, થશે સહુ સુખ ચેન. પરહરિયે૦ ૧૦

* "કૃષ્ણ જીવન ક્યારે આવશે."– એ૦ રાહ

सात वार.

(ગરબી*).

આદિતવારે અળગા આળસ મેલિને,
રાખો અંગવિષે રૂડો ઉછરંગ જો;
ભક્તિની જુક્તિ અતિ ઉત્તમ જાણવા,
કીજે સંત મહંત તણો સત્સંગ જો. આદિત૦ ૧
સોમે શીતળ શીલ સ્વભાવે સર્વદા,
જાળવિયે શીયલ ને કુળ મર્યાદ જો;
પિયર અને સાસરિયાં ચાહે ચિત્તથી,
ચતુરાં રાખો અંતર એવી યાદ જો. આદિત૦ ૨
ભોમે ભૂમિ સમ શુભ ધીરજ ધારિયે,
સજિયે શાંતિ ક્ષમા–દયા–શણગાર જો;
સ્વામિને આનંદ સદા ઉપજાવિયે,
સુજન સંબંધીનો મેળવિયે પ્યાર જો. આદિત૦ ૩
બુધે બુદ્ધિબળથી ખળને બોધિયે,
શોધી સુખકર શીખામણનો સાર જો;
વિદ્યા વેલી વિનય થકી વિસ્તારિયે,
ટાળી વ્હેમ ભરેલા સર્વ વિચાર જો. આદિત૦ ૪
ગુરુવારે ગુણવાન ગુરુ સ્વામી ગણી,
માનુનિ દીજે મનથી મોટું માન જો;
સુખ દુઃખમાં આધીન રહો સંતોષથી,
ભલો બુરો પણ ભર્તા તે ભગવાન જો. આદિત૦ ૫
શુક્રવાસરે સૂક્ષ્મ વાત વિચારિયે,
પ્રેમ નેમથી કેવળ જે પ્રતિકૂળ જો;

---

* " ઓધવજી સંદેશો કહેજો શ્યામને "—ઇત્યાદિ રાહ.

મૂળીજ એવા દુઃખનું બાળિ નાખિયે,
જરૂર જેથી અંતે ઉપજે શાળ જો. આદિત૦ ૬
શનિ રહો નિશદિન ઇશ્વરના ધ્યાનમાં,
જેનો આપણને પૂરણ આધાર જો;
શાન અનુપ સુખ આપી આશા પૂરશે,
રાખો તેની શ્રદ્ધા સર્વ પ્રકારજો. આદિત૦ ૭

पंदर तिथिओ.

(ગરબો. *)

પડવાનો પંડ આ પ્રેમદા, એવું મનથિ વિચારી:
માન ગુમાન ન કીજિયે, માનુનિ મન મારી. પડવાનો૦ ૧
બીજે વાવો બીજ બુદ્ધિનાં, જેથી જશ ફળ થાએ;
સ્નેહ બંધાય સહૂ થકી, ક્લેશ મૂળ કપાયે. પડવાનો૦ ૨
ત્રીજે સિજે[1] તે કીજે સદા, ચિત્ત સંતોષ સાચે;
જાચિયે શ્રી જગનાથને, કેમ તો તે ન રાચે? પડવાનો૦ ૩
ચોથ[2] દેવા પરમાર્થમાં, હાથ આગળ કીજે;
દાન–દયા–ભક્તિ તણો, રસ કેમ ન પીજે? પડવાનો૦ ૪
પાંચમે પાંડવની પ્રિયા, સતી પાંચાળિ દેવી;
પતિવ્રત પાળ્યું વિપત્તિમાં, તેની ટેકજ લેવી. પડવાનો૦ ૫
છઠ્ઠે ઠગારાના ઠાઠને, ગણે ઠીક નઠારી;
તેવિ ત્રિયા તણી પ્રીતને, કરો ચિત્તથી ન્યારી. પડવાનો૦ ૬
સાતમે શાંત સ્વભાવથી, ભજો ભર્તાને ભાવે;
સાતે જનમ સુખ સાંપડે, ઉન્હિ આંચ ન આવે. પડવાનો૦ ૭

---

* " વ્રત રહિયે રે એકાદશી, જળ જમુના. "—ઈ૦ રાહ.
૧. બની શકે તે. ૨. ચોથો હિસ્સો.

આઠમે આઠે અંગથી, અવિવેક તજીને;
ઓળખિયે અવિનાશને, સતસંગ સજીને. પડવાનો૦ ૮
નોમે મનોહર માનુનિ, નાથસું નેહ જોડી;
ગૌતમ વૈભવ ભોગવો, મદ–મત્સર છોડી. પડવાનો૦ ૯
દશમ વિષમ દશા આવતાં, નહિં દિલ ગભરાવું;
વીર બાળાઓ નીવડી, વિશ્વમાં વખણાવું. પડવાનો૦ ૧૦
એકાદશી માત્ર વ્રત્તથી, નથી શ્રેય થવાનું;
વર્તન વ્રત્તને જાળવે, સહૂ પાપ જવાનું. પડવાનો૦ ૧૧
બારસ રસવશ ના થશો, રસ રોગ કરે છે;
રસને આધીન જીવો ઘણા, વણ મોતે મરે છે. પડવાનો૦ ૧૨
તે રસ લેવા ત્રિયા તમે, નવ ચિત્તથી ચાહો;
સંસારનો સાર એજ છે, એજ જન્મનો લ્હાવો. પડવાનો૦ ૧૩
ચૌદશે ચૌદ વિદ્યાતણો, પાર પામેજ કોઈ;
થોડી ઘણી પણ શીખવી, સાર સત્વર જોઈ. પડવાનો૦ ૧૪
પૂનમે પૂરણ ભાવના, રાખી સંતોષ રે'વું;
ખોટો છે ખેલ સંસારનો, કાન લક્ષમાં લેવું. પડવાનો૦ ૧૫

સદ્ગુણી અને દુર્ગુણી સ્ત્રી.

(ગરબો.*)

રહે સાચવટેથી સાફ, સુંદરિ સારી રે;
કરિ ભૂલ ન માગે માફ, નાર નઠારી રે. ૧
ભજે ભાવ ધરી ભગવાન, સુંદરિ સારી રે;
ઇશ્વરથી પણ અજ્ઞાન, નાર નઠારી રે. ૨

---

* "પાવાગઢથી ઊતર્યાં મ્હાકાળી રે." –એ૦ રાહ.

લે શીખામણુનો સાર, સુંદરિ સારી રે;
પણ અવગુણ લહે અપાર, નાર નઠારી રે. ૩
ભણતી ગણતી ભલિ ભાત, સુંદરિ સારી રે;
લઢતી વઢતી દિન રાત, નાર નઠારી રે. ૪
રાખે મન વિનય વિશાળ, સુંદરિ સારી રે:
પણ મનથી ક્રૂર રિશાળ, નાર નઠારી રે. ૫
પામે પૂરણ સત્કાર, સુંદરિ સારી રે;
ખોએ નિજ ભૂષણ ભાર, નાર નઠારી રે. ૬
કરે સજ્જનનું સન્માન, સુંદરિ સારી રે;
આપે સહુને અપમાન, નાર નઠારી રે. ૭
ગાએ છે મંગળ ગીત, સુંદરિ સારી રે:
કરતી પરનિંદા નીત, નાર નઠારી રે. ૮
મુખ વદતી મીઠાં વેણ, સુંદરિ સારી રે:
કાઢે કરડાં બહુ નેણ, નાર નઠારી રે. ૯
જગમાં જશ લે સુખકાર, સુંદરિ સારી રે:
ભુંડપનો ઓઢે ભાર, નાર નઠારી રે. ૧૦
તમે બનજો શાણાં બેન, સુંદરિ સારી રે:
નહિ કાન લહે સુખ ચેન, નાર નઠારી રે. ૧૧

सद्गुणी स्त्री.

(ગરબી*)

ભામિની ભૂષણ ભંડાર, આ ભવમાં ભાળી,
સંસારતણો શણગાર, સુંદરિ સુખકારી. (ટેક.)

* " અલબેલી રે અંબેમાત, જોવાને જઇએ."—ઇ૦ રાહ.

સુઘડ સલૂણી રાખે રૂડી, ઘરશોભા મનગમતી રે;
પર ઘરની નકલે કે અકલે, વરને નહિં પજવતી. સુંદરિ૦ ૧
જાત જાતની રાખે જુગતી, જણસ જડે ઝટ જોતાં રે;
કૂવડ ઘરમાં મળે ન કાંઈ, ખાતાં ઝાઝાં ગોથાં. સુંદરિ૦ ૨
પુસ્તક પાનાં પાનતણો તો, વિસરે નહિજ વિવેક રે;
રચે સુંવાળી સુખશય્યાને, તેવાં કામ દરેક. સુંદરિ૦ ૩
ગંદવાડ તો ગમે ન લગરી, દર્પણ સરખી દેહ રે;
દેહ પ્રમાણે નેહ ભરેલું, મનડું નિઃસંદેહ. સુંદરિ૦ ૪
ભણ્યાતણું અભિમાન ધરીને, ભુંડી ભામા ભટકે રે;
તેવી અકુલિન કામિનિયોમાં, મનડું તેનું ન ટકે. સુંદરિ૦ ૫
રાગતણો સાગર મૃગનયની, ખરા સુગુણની ખાણ રે;
દ્વેષ–ક્લેશ ન કરે કો સાથે, ઇચ્છે જગકલ્યાણ. સુંદરિ૦ ૬
વિષય વારતા વાંચે નહિ ને, બાજિ પણ નવ માંડે રે;
પર ઘરની પચાતો માંડી, ચિત્ત નહિં ચોટાડે. સુંદરિ૦ ૭
યોગ્ય ખર્ચ ને આવડ તેથી, ચલવે ઘર વહેવાર રે;
કહે ન કોઇ બખિલ ઉડાઊ, બુદ્ધિબળ નિર્ધાર. સુંદરિ૦ ૮
કરે રસોઇ સાવધ થઇને, રસ ઉપજે રસનામાં રે;
સાદાઈ ને શોભા સારી, કસર નહિં રચનામાં. સુંદરિ૦ ૯
ઉપજ પ્રમાણે ખર્ચ જ રાખે, કરજે ઢીલ ડરે છે રે;
ગરજે કર ન કઢાવે ઇશ્વિર, એવી ટેક ધરે છે. સુંદરિ૦ ૧૦
પતિને થાય સહાય હમેશાં, સુખ દુખમાં થઇ ભાગી રે;
સતજુગની તે સતી સમજિયે, કાન ઉરે અનુરાગી. સુંદરિ૦ ૧૧

વા નથી થતા લાભ.

(ગરબી.*)

સહુ નિર્મળ મનની નાર, ઉરમાં પ્રેમ ભરી;
શુભ વચન રચન સુખકાર, નિરખો નેહ ધરી. (ટેક૦)
સંચરિયે શુભ પંથે પ્રેમે, ડરિ ડરિ ડગલાં ભરિયે રે;
લવ પણ જેથી લાંછન લાગે, કાજ ન એવાં કરિયે. ઉરમાં૦ ૧
ચતુરાં ચિત્તવિષે ચતુરાઈ, મનન કર્યાથી મળશે રે;
શુભ લક્ષણ આભૂષણ સાચાં, દારુણ દુખડાં દળશે. ઉરમાં૦ ૨
રડણ કુટણની દુખદાયક જે, ચાલી ચાલ નઠારી રે;
તેમજ બીજી અઘટિત રીતિ, કીજે દૂર વિચારી. ઉરમાં૦ ૩
દંપતિ નિજની ફરજ વિચારી, શાંત સુઘડ થઇ રહિયે રે;
બાળતણાં શિક્ષણ રક્ષણનો, ઉત્તમ લ્હાવો લહિયે. ઉરમાં૦ ૪
સીતા દમયંતી સાવિત્રી, જેનાં ચારુ ચરિત્ર રે;
ચિત્ર પ્રમાણે ચિતથી જોઇ, થઇએ પરમ પવિત્ર. ઉરમાં૦ ૫
પિયર અને સાસરિયાં કેરો, સદા સંબંધ સમજિયે રે;
મન મર્યાદા ભાવ ભરીને, સ્નેહ સુજનસું સજિયે. ઉરમાં૦ ૬
વાચનથી મન પ્રસન રહે ને, મળે અનુભવ જ્ઞાન રે;
વાચનનું જે દાન કરે તે, સાચો જન શ્રીમાન. ઉરમાં૦ ૭
દુરિજનને પણ ડા'પણ આવે, નિપજે કનક કથીર રે;
એવા શુભ વાચનના લાભો, કાન વિચારો વીર. ઉરમાં૦ ૮

---

*"સારૂં સારૂં રે સુરત શહેર, મુંબઇ અલબેલી." —ઈ૦ રાહ.

हसवाथी हाणी.

(ગરબો.*)

દાંત મુખમાંથી કાઢી રે, ઘણું ઘણું ના હસિયે;
લોક અપજશ આપે રે, વૃથા વિષયી ઠસિયે. (ટેક.)

(સાખી)

વ્હાલામાં વેર જ પડે, કૂડાં ચડે કલંક;
ભાર ઘટે પોતા તણો, થઇયે રંક નિશંક.
માટે મુખથકી મધુરાં રે, વચન એવાં વદિયે;
સૂણી વૃદ્ધ કે બાળક રે, કૂડું ન કહે કદિયે. ૧

(સાખી)

સ્મીત હાસ્ય મન પ્રસનથી, અરસ પરસ આનંદ;
ઉપજે છે રસ રંગ તે, લઇયે થઈ સ્વચ્છંદ.†
નીતિ નિયમ નિહાળી રે, પાળી પતિવ્રતપણું;
વળ આનંદે ગાળી રે, જીવ્યું ધન્ય તેહ તણું. ૨

(સાખી.)

હસવાથી ખસવું પડે, થાય અચાનક હાણ;
માટે હસતાં કોઇપણ કામ ન કરો સુજાણ.
અતિ હસવાથી લોકો રે, અતિ હલકાં પડિયાં;
પડયાં મનથી વિખૂટાં રે, મહા મમતે લડિયાં. ૩

(સાખી.)

કૌતક વણ હસનારનો, થાય નકી ઉપહાસ;
ખળ દુરિજનમાં તે ખપે, ખોય ખરો વિશ્વાસ.
હાસ્ય દોષ ન કરશો રે, ચતુર ચંચળ બેની;
કાન ધ્યાનમાં ધરશો રે, કહી કવિતા તેની. ૪

---

* "જળ ભરવાને જાતાં રે, સાહેલીની સંગે"—એ રાહ.
† પોતાની ઈચ્છા પ્રમાણે.

कन्याविक्रयनो केर.

(પરજ.*)

બાળાનાં દુઃખ સહુ બાળજો, કરી હૃદય વિચાર; (ટેક.)
સુણી શીખામણ સ્નેહથી, હાંરે શાણાં નર તેમ નાર. બાળાનાં૦ ૧

કન્યાવિક્રયના ચાલથી રે, સહે બાળાઓ દુઃખ;
રાંકડી દુઃખ તે કોને કહે, હાંરે લેશ પામે ન સુખ. બાળાનાં૦ ૨

કોપ થશે કિરતારનો રે, એજ પાપ અપાર;
વેર બને અન્ન દાંતને, હાંરે રિબે દુખડાં મોઝાર. બાળાનાં૦ ૩

રીત નહિ એ કુરીત છે રે, ભુંડિ છે ભરપૂર;
ધરમ શરમ શોભા સામટી, હાંરે જાય જાણો જરૂર. બાળાનાં૦ ૪

ગાય અને દુહિતા સમાં રે, જહાં દોરે ત્યાં જાય;
બોલ ન બોલે જરા મુખથી, હાંરે તેની ધરવી દયાય. બાળાનાં૦ ૫

બળતાં અંતરથી કંપતિ રે, દેતિ રાત દિન શાપ;
વેરી ગણે પૂર્વ જન્મનાં, ભલે હોય તે માબાપ. બાળાનાં૦ ૬

ધૂળ પડો તે ધનમાં રે, ખરાં સુખની શી આશ;
વય–ગુણ–રૂપ જો વિરુદ્ધ તો, નહિ મળતી તે રાશ. બાળાનાં૦ ૭

શ્રદ્ધા ન હોય જો કાંઇ તો રે, જોઇ વર ઘર સાર,
કંકુ ને તુલસીને પાંદડે, હાંરે દેવી કન્યા કુમાર. બાળાનાં૦ ૮

ધનના અધમ મહા લોભથી રે, કરશો ન અન્યાય;
કાળી ગળીનો ડાઘ એ, હાંરે કોન કદિ ન ભુંસાય. બાળાનાં૦ ૯

---

* "જીરે માણીગર બંદલો" ઈત્યાદિ રાહ.

૭૫૩૫

विजयापार्वतीनुं व्रत.

(ગરબો.*)

બળિ બળિ રે એવી રીત, હિંદુ બાળાની:
દેખીને દાઝે ચિત્ત, હલકા ચાળાથી. (ટેક.)
બાળક બાળ કુમારી કન્યા, જે વરવાને યોગ્ય રે:
રડે કુટે એવાતણુ પર્વ, એ કેવો સંજોગ. હલકા૦ ૧
મંગળ ફળદાયક વ્રત માતમ†, અધમ બને છે આમ રે:
માટે તેવી વિપરીત રીતો, તજવી ઘટે તમામ. હલકા૦ ૨
તળાવપર નદિયે કે દરિયે, ન્હાવા નિત્યે જાય રે;
દર આદિતવારે ઊઠીને, નિર્લજ ગીતો ગાય. હલકા૦ ૩
છાતી માથું છૂટાં મૂકી, કરે મહા તોફાન રે;
શીખે ટેવ નઠારી નિશ્ચે, છેક છકી નાદાન. હલકા૦ ૪
જવ ડાંગર કે ગહું ધાન્યનું, મોળું કરે અકોત રે;
લવણ તણો તો ત્યાગ કરીને, પૂજે દીપક જ્યોત. હલકા૦ ૫
રમે જુગાર સોગડે પાને, નાચે કૂદે ગાય રે;
વડીલની લજ્જા મર્યાદા, એમ નકી લોપાય. હલકા૦ ૬
વ્હેમી ને વંઠેલી વનિતા, વળિ તેમાં જોડાય રે:
કથળે કામ શરમ ઉપજાવે, દુનિયામાં નિંદાય. હલકા૦ ૭
હોળી ટાણે જેમ ઘેરૈયા, ઉપજાવે છે ત્રાસ રે;
ગોરો ટાણે બાળ કુમારી, દુખ દે છે ચોપાસ. હલકા૦ ૮
પંડિત જન પણ એજ કથે છે, પદે પદે ઉપદેશ રે:
રડવું કૂટવું પાપ કામનું, છે અપરાધ વિશેષ. હલકા૦ ૯
વિજયાપારવતી વ્રત મ્હોટું, જશ જય ફળ મેળવવું રે;
કાન વિનંતી એજ કરે છે, સદાચરણ આચરવું. હલકા૦ ૧૦

---

* "અલબેલી રે અંબે માત, જોવાને જઇએ." ઇ૦ રાહ. † માહાત્મ્ય.

રોવા કૂટવાની રુઢિ.

(ગરબો.*)

સુઘડ નાર સાર વાત આ વિચારિયે રે લોલ;
રોવા કૂટવાની ચાલ તે સુધારિયે રે લોલ. (ટેક.)
રોવા કૂટવાથી કાય તૂટિ જાય છે રે લોલ;
અતિ રોગ પણ એ થકીજ થાય છે રે લોલ. સુઘડ૦ ૧
નાશ તનનો મનનો થાય છે ઘણો રે લોલ;
કોઈ વાતનો ન લાભ એ થકી ગણો રે લોલ. સુઘડ૦ ૨
છૂટ પેટ માથું મૂકિ પછડાય છે રે લોલ;
ભલા લોકતણું દીલ તો દુખાય છે રે લોલ. સુઘડ૦ ૩
ગાય રાજિયા કંઈક લલકારિને રે લોલ;
થાય જોણું વગોણું નર નારિને રે લોલ. સુઘડ૦ ૪
શુદ્ધ પ્રેમ કે સંબંધને ન એ ઘટે રે લોલ;
ઘાવ લાગે તેનું ચિત્ત ચટપટે રે લોલ. સુઘડ૦ ૫
બધો બ્હારનો એ ઉપચાર છે રે લોલ;
કથે શાસ્ત્ર મરનારને એ ભાર છે રે લોલ. સુઘડ૦ ૬
રુઢિ ચાલી એ તો અતિ ઘાતકી રે લોલ;
દેશબાંધવો સુધારવા, કરો નકી રે લોલ. સુઘડ૦ ૭
નારિજાતની એ પીડ નિવારવી રે લોલ;
ડાહ્યા લોકે દયા દીલ ધારવી રે લોલ. સુઘડ૦ ૮
નથી દામ નૂકશાન એહ કામમાં રે લોલ;
રહે લાજ મરજાદ ઠીક ઠામમાં રે લોલ. સુઘડ૦ ૯
મરણ દુઃખથી અપાર દુઃખ થાય છે રે લોલ;
જ્ઞાનિ ભક્ત પણ ઉર અકળાય છે રે લોલ. સુઘડ૦ ૧૦

* "સુરત શહેર બળ્યું તે અગ્નિ ઝાળમાંરે લોલ"—ઈત્યાદિ રાહ.

દુઃખી દીલને દિલાસો તવ દીજિયે રે લોલ;
કાન શાંત ચિત્ત કાજ શુભ કીજિયે રે લોલ. સુધરુ૦ ૧૧

बाधा--आखडी.

(ગરબો.†)

બાધા-આખડી એ વ્હેમ તણી વાતડી રે લોલ; (ટેક.)
રાખે દુઃખમાં પડીને નાર બાપડી રે લોલ. ૧

દેવ દીલનો દયાળ ને ઉદાર છે રે લોલ;
લોભ-લાલચ તે માનવી વિકાર છે રે લોલ. ૨

દિધું દેવનું તેમાં શું તેને દીજિયે રે લોલ;
કિધું દેવનું તે આપણે શું કીજિયે રે લોલ. ૩

ભલી ભક્તિતણી ચાલ જો ચલાવિયે રે લોલ;
પરમ પૂજ્ય તે પ્રભુને મન ભાવિયે રે લોલ. ૪

રોગ-શોક એ સ્વભાવ દેહ મનતણો રે લોલ;
જ્ઞાન ગ્રંથથી વિચાર કરો એ ઘણો રે લોલ. ૫

ભરતિ-ઓટ પેર થાય ને મટે વળી રે લોલ;
અજબ ઈશની કળા ન તે કોણે કળી રે લોલ. ૬

કરો ભક્તિ કરો દાન દુઃખ ટાળવા રે લોલ;
કાન અન્ય કંઇ કુતર્ક ના કરો નવા રે લોલ. ૭

वहेमी वि[illegible]ारथी थता अना[illegible]ार.

(ધોળ.*)

વ્હેમે વણશે વાતો સર્વે, તેનો કરો વિચાર જોને;
કેવળ કાચા મનનું કારણ, આપે દુઃખ અપાર જોને. ૧

---

† "રાધા ગરબે રમે છે રસરંગમાં રે લોલ"-ઈ૦ રાહ.
* "હરિનો મારગ છે શૂરાનો નાહ્ કાયરનું કામ જોને"- ઈ૦ રાહ.

છતાં સુખાએ શાન્તિ ન મળે, વ્હેમતણો જ્યાં વાસ જોને;
મન બગડ્યાથી તન પણ બગડે, ધનનો થાયે નાશ જોને. ૨
મન કલ્પે તે ડાકણ સાકણ, ભૂત પ્રેતનાં નામ જોને;
મનની બીકે ગાંદપ વેડે, ઓસડ ન કરે કામ જોને. ૩
ઇશ્વરિ સત્તા ઇશ્વિર હાથે, નહિ અવર ઉપાય જોને;
કાકતાળના ન્યાય† પ્રમાણે, વખતે બળતું થાય જોને. ૪
મૂઠ મંત્ર દોરા ધાગાની, કેવળ જૂઠી વાત જોને;
દુષ્ટ દુર્જન દગો દઇને, ઘણી ઘડે છે ઘાત જોને. ૫
શંકા આવે સાવધ થઇને, સાચા કરીએ શોધ જોને;
ભૂલ હોય તો કબૂલ કરીએ, લઇયે બુદ્ધિ બોધ જોને. ૬
પરચો* પરમેશ્વરનો પૂરો, દૃષ્ટિયે દેખાય જોને;
જેવું વાવે તેવું ઉગે, પણ પૂર્વનો ન્યાય જોને. ૭
ધૂતારાના ઢોંગ સોંગથી, ભોળા જન ભરમાય જોને;
નિરાશ થાતાં નશીબ નિંદે, કોઇ ન થાય સહાય જોને. ૮
વ્હેમે વરી વનિતાઓ ને, બોળ્યો ઘરસંસાર જોને;
જોગી જંગમ ધૂતારાથી. મોટી ખાધી માર જોને. ૯
માટે મારી વ્હાલી બેનો, કરી વિવેક વિચાર જોને;
વ્હેમ તણી જડ કાઢી નાંખો, એજ સારનો સાર જોને. ૧૦
નાસ્તિક થાવાનું નથિ કે'તો, ધરો ધર્મનું ધ્યાન જોને;
સદ્ગુણના સત્સંગે રંગે, ટાળો મન અજ્ઞાન જોને. ૧૧
ધર્મસંબંધી કર્મસંબંધી, મૂકી વ્હેમ વિચાર જોને;
સુખકર સાચે પંથે ચાલો. કાન જ્ઞાન અનુસાર જોને. ૧૨

† "કાગનું બેસવું અને તાડનું પડવું" એ કહેવત પ્રમાણે.
* પ્રભાવ, પ્રતાપ.

धर्मने बहाने थतां धतिंग.

(ગરબો.§)

ધર્મના ઢોંગ વધ્યા છે ઝાઝા, મૂકી છે જ્ઞાનવિચારની માઝા.* (ટેક)
થતું આજ ધર્મનું વેચાણ† જાણ્યું, પામરપણે પુણ્યજ તેમાં પ્રમાણ્યું;
વૃથા અભિમાન હ્રદેમાં આણ્યુ. ધર્મના ઢોંગ૦ ૧
પૂજા પાઠ હાઠ કરીને દેખાડે, જાતે કરવાનું કરાવે ભાડે;‡
ઉદય શું એમ થશે કોઈ દા'ડે. ધર્મના ઢોંગ૦ ૨
ખાવું પીવું આનંદ ભોગવિલાસ, તેને માટે પૂર્ણ મળે અવકાશ;
પણ કરે પૈસાને માટે પ્રયાસ. ધર્મના ઢોંગ૦ ૩
ત્રિપુંડ્ર કે તિલક મોટેરાં તાણે, મનાવે મત્ત પોતાનો પરાણે;
ગાયત્રિ જ્ઞાન કાંઇ નવ જાણે. ધર્મના ઢોંગ૦ ૪
શ્રદ્ધાવિના શ્રાદ્ધાદિ કર્મ કરે છે, અર્થ વણ ગ્રંથ ઘણા વાવરે છે;
ભટકતા દર્શન બ્હાને ફરે છે. ધર્મના ઢોંગ૦ ૫
કરી થોડું પુણ્ય પોતેજ વખાણે, જાતે કરે તેનેજ ઉત્તમ જાણે;
નહિ નિજ દોષ જોય કોઇ ટાણે. ધર્મના ઢોંગ૦ ૬
નથી મન નિગ્રહની વાત ગમતી, તેથી વૃત્તિ રે' છે જહાં તહાં ભમતી;
તૃષ્ણા ઘણા ભોગ છતાં નથિ સમતી. ધર્મના ઢોંગ૦ ૭
પોતાને પંડિત કે' કે'વરાવે, પ્રપંચ ને નીચતા ચાહિ ચલાવે;
બુદ્ધિ-મંત્ર-તંત્રના લોભે ભમાવે. ધર્મના ઢોંગ૦ ૮
દિક્ષા દે છે દ્રવ્યજ ગાંઠે કરવા, શિક્ષા નથી આપતા લોક સુધરવા;
એવા ગુરુરાજ આજ છે ગરવા ! ધર્મના ઢોંગ૦ ૯
જ્યારે ધર્મ ધોરણ ઠીક બંધાશે, આબાદી આપણિ ત્યારેજ થાશે;
આપો આપ કાન આર્ય વંદાશે. ધર્મના ઢોંગ૦ ૧૦

---

§ "વાંસલડી, વાગીને હું જાગી." એ૦ રાહ. * મર્યાદા.
† પૈસા ખર્ચી બ્રાહ્મણો પાસે કરાવવામાં આવે છે. ‡ જપ-પૂજનાદિ.

हतभाग्य हिंदु बाळा !

(ગઝલ—પદ.*)

અતિ અળખામણી આજે, બિચારી હિંદુની બાળા:
અતિ દુખ અગ્નિમાં દાઝે, બિચારી હિંદુની બાળા. (ટેક)

(સાખી.)

જન્મે ત્યાંથી જીવનું, જરા ન કરે જતન:
પથ્થર પાપ પ્રમાણિને, દુભે છે દુરિજન.
પુરા પ્રેમે ન પોષાએ, બિચારી હિંદુની બાળા:
ઉગે ત્યાંથીજ રીબાએ, બિચારી હિંદુની બાળા. ૧

(સાખી.)

પુત્રતણું પોષણ કરે, પૂરણ આણી પ્રેમ:
કોપે છે પુત્રી પરે, ધરે નહિ ઉર રેમ.
ગજબ એવા ઘણા સાંખે, બિચારી હિંદુની બાળા;
દુખી દેખી ભરી આંખે, બિચારી હિંદુની બાળા. ૨

(સાખી.)

'રાંડ–અભાગિણિ–શંખિણી,' એવાં વેણ અનેક:
માતપિતા આદિક કહે, મૂકી છેક વિવેક.
ભલી વિદ્યા ભણે કયાંથી, બિચારી હિંદુની બાળા;
સુણે અપશબ્દ ઘરમાંથી, બિચારી હિંદુની બાળા. ૩

(સાખી.)

નિજનો જ્યાં સ્વારથ સરે, ત્યાં તે કરે લગ્ન;
કુળશિળ કાંઈ જોય નહિ, ઉપજે મહા વિઘ્ન.
કજોડાં કષ્ટથી ઝૂરે, બિચારી હિંદુની બાળા;
કુવા વાવો કઇ પૂરે, બિચારી હિંદુની બાળા. ૪

---

* વર્તમાન નાટક વગેરે ઢબે ગવાય છે.

(સાખી.)

ઘર ઘરનો સંતોષ નહિં, અવરતણી શી આશ;
રડે નિસાસા નાખતી, નિશદિન રહે ઉદાસ.
કુસંગે કઇક દોરાએ, બિચારી હિંદુની બાળા;
અધ નિરૂપાય નિંદાએ, બિચારી હિંદુની બાળા. ૫

(સાખી.)

પંડિત આગેવાન ને, શાણા સર્વ શ્રિમાન;
બાળાનું દુખ ટાળવા, થાજો હિંમતવાન.
કપાતી ગાય ઊગારો, બિચારી હિંદુની બાળા;
દયા તેની દિલે ધારો, બિચારી હિંદુની બાળા. ૬

(સાખી.)

માન ઘટયું મહિલા તણું, પશુ સમાન ગણાય;
નિર્મળ નારી જાત તે, નાહકની નિંદાય.
સહે છે સંકટો કારી, બિચારી હિંદુની બાળા;
કહે શું કાન પોકારી, બિચારી હિંદુની બાળા. ૭

शोभा ते शा कामनो.

(ધોળ.*)

સ્રીને ઘરેણાં ગાઠાં ઘણાં ગમે, ચિત્ત ચોટયું એમાં દિન રાત,
ગમે એજ વાત,—શોભા તે શા કામની. (ટેક.)
શેઠ લોકના ઠાઠમાં મોહિને, કરે કઇક મ્હોટા ઉત્પાત,
લડે માત તાત,—શોભા તે શા કામની. ૧
કદિ કંથ કંકાસે કંટાળિને, કરે કરજ જો વગર વિચાર,
થશે દુઃખ ભાર,—શોભા તે શા કામની. ૨

* " કંકુ છાંટી કંકોતરી મોકલી. "—ઇત્યાદિ રાહ.

કદિ કામિની કરજ છાનું કરે, પણ તે ન છાનું રહેનાર,
પડે પછી માર,—શોભા તે શા કામની. ૩

પાડે ફુંદણાં—ત્રાજવાં શોભવા, રંગે દાંતને લાગે રોગ,
કેવો એ પ્રયોગ,—શોભા તે શા કામની. ૪

દેખા દેખી કરે દુઃખ ઊપજે, વખતે પ્રાણનો થાય વિજોગ,
લાગે એવા ભોગ,—શોભા તે શા કામની. ૫

પતિ પરવશતા પીડ ભોગવે, નાસે વાસ કરીને વિદેશ,
ખમે મહા કલેશ,—શોભા તે શા કામની. ૬

ધંધા ઉદ્યોગે જરની જરૂર છે, તેનું જુવતિને ભાન ન લેશ,
સજે શુભ વેશ,—શોભા તે શા કામની. ૭

ઘણી ઘાત ઘરેણાંથી થાય છે, લુચ્ચા લોકનું મન લલચાય,
પ્રસંગે લુટાય,—શોભા તે શા કામની.
દિધું ઇશ્વરે દ્રવ્ય કૃપા કરી, છતાં પુણ્યમાં નવ વપરાય,
અનર્થજ થાય,—શોભા તે શા કામની. ૮

સ્ત્રીનું સાચું આભૂષણ શીલ છે, તે કુળ શિળ નવ જળવાય,
અન્યાય કરાય,—શોભા તે શા કામની. ૯
જેથી તન મનને દુઃખ ઊપજે, ભરતારનું દીલ દુભાય,
સહાય ન થાય,—શોભા તે શા કામની. ૧૦

કદિ કષ્ટ કાપે નહિ ઇષ્ટનું, દુષ્ટ લાલચે ધ્યાન જ જાય,
વૃથા વગોવાય,—શોભા તે શા કામની. ૧૧

સ્ત્રીની સાચી શોભા સૌભાગ્ય છે, કાન જાળવશે જગરાય,
ઉભે જશ ગાય,—શોભા તે શા કામની. ૧૨

भरत चित्र ने भणतर.

(ગરબો.[1])

ભરત ચિત્ર ભણતર ચતુરાઇ, ઘર ધંધાની સાથે રે; (ટેક.)
અબળાએ એ સુખનાં સાધન, હોંશે કરવાં હાથે રે.–ભરત ચિત્ર૦ ૧
મન પ્રસન્ન એથી રહે છે ને, ધનનો લાભ મળે છે રે;
સમય સફળ ઉદ્યોગે થાતાં, આળસ અંગ ટળે છે રે.–ભરત ચિત્ર૦ ૨
સુખ દુઃખ સમયે સહાયકારી, આશ અવરની ખોટી રે;
થોડી મહેનત સ્વતંત્રતાથી, મરયાદા રે' મોટી રે–ભરત ચિત્ર૦ ૩
વિદ્યા ગુણ વર્ણવ[2] નવ થાએ, અર્ણવ[3] એ છે સુખનો રે;
સેવી જેણે શારદ દેવી, તેને દિન નહિ દુખનો રે.—ભરત ચિત્ર૦ ૪
સુપંથ સુખકારક સંઝાડે, તન મન આગ બુઝાવે રે;
ધર્મ જ્ઞાન નીતિ ડાંપણની, કાન બરોબરિ નાવે[4] રે.–ભરત ચિત્ર૦ ૫

कातरनी कुटेव.

(ગરબો[5].)

કાતર કારમી રે, કહિયે કેવી તારી ટેવ; (ટેક.)
સઘળું વેતરે રે, તારે હાથ ચડે તતખેવ. કાતર૦ ૧
સારૂં સાંસતું રે, તેનો તુજને નહિ વિવેક;
છૂટાં તું કરે રે, છોટાં મોટાં તંતુ છેક. કાતર૦ ૨
કુસંપ કારમો રે, તારી જીભે વસતો વાસ;
તાતી તું સદા રે, જ્યાં ત્યાં કરવાને કંકાસ. કાતર૦ ૩
કાતર નામનો રે, ભુંડો ભજવતી તું ભાવ;
આશા શું કરૂં રે, તારો એવો પડયો સ્વભાવ. કાતર૦ ૪

૧"અજબ સલુણી પ્યારી મરગાનેણી"–ઇત્યાદિ રાહ. ૨ વર્ણન. ૩ દરિયો. ૪ ન આવે. ૫" સહિયર શું કહું રે મારે નંદકુંવરસું નેહ"–ઈ. રાહ

કુત્સિત કામિની રે, કુસંપ કરતાં રાજી થાય;
કાતર જેહવું રે, તેનું ઊર જરૂર જણાય. કાતર૦ ૫
ઝાંખી આખરે રે, તેની થાએ જેવી ધાર;
ભુંડી ભામિની રે, ભોંઠી ભરૂ પડે નિર્ધાર. કાતર૦ ૬
સોઇ સોગુણી રે, સગી કાતર કેરી બેન;
કહે કહાનજી રે, લાગે અનુપમ ગુણમાં એન.[1] કાતર૦ ૭

सोहामणी सोई.

(ગરબા.[2])

સોઇ સોહામણી રે, પંડે પાતળિ કેવી બાળ;–(ટેક.)
ગુણવંતી ઘણી રે, એની ચતુરાં લેજો ચાલ. સોઇ૦ ૧
સાંધે સો વસા રે, એતો નિર્મળ મનથી નેહ;
પટપટ ના કરે રે, કાતર પેરે કોદિ એહ. સોઇ૦ ૨
દોરા સોબતે રે, કરતી પટકુળ[3] માંહિ પ્રવેશ;
સતિ સોહામણી રે, પતિમાં રાખે પ્રેમ હમેશ. સોઇ૦ ૩
કંટક કાંકરી રે, વાગે કાચ વગેરે અંગ;
ઝૂંઝે છે ખરી રે, જાતે જબરો માંડી જંગ. સોઇ૦ ૪
કાઢે દુષ્ટને રે, ત્યારે તેને થાય નિરાંત;
લેજો સોઇના રે, એવા સદ્ગુણ થઇને શાંત. સોઇ૦ ૫
ભાળો ભાંડરૂ રે, સોઈ કાતર વસ્તુ એક;
ગુણમાં જૂજવાં રે, તેનો સજ્જન સજો વિવેક. સોઇ૦ ૬
સારૂં સર્વદા રે, કરથી કરશે સહુનું જેહ;
નાનું નામનું રે, તો પણ વખણાવાનું તેહ. સોઇ૦ ૭
કિંમત તત્વની રે, ગુણિજન લોકવિષે અંકાય;
કહે કહાનજી રે, તે તો સો પેરે પંકાય. સોઈ૦ ૮

---

૧ સરસ-ઉત્તમ. ૨ રાગ ઉપરનો. ૩ વસ્ત્ર-લુગડાં.

सूपडांनी वडाई.

(ગરબો.*)

ધન્ય સાર સાર ધારક તું સૂપડાં રે લોલ; (ટેક.)
તારા ગુણનાં વખાણ કરૂં કેવડાં રે લોલ. ધન્ય૦ ૧

કરે કાંકરા વિકાર દૂર સહજમાં રે લોલ;
સત્ય સજ્જન સ્વભાવ સદા સમજમાં રે લોલ. ધન્ય૦ ૨

તારી વાંસ કે લોખંડતણી જાતડી રે લોલ;
ઘણા ગુણની વખાણે સહુ વાતડી રે લોલ. ધન્ય૦ ૩

તારિ ઉપમા તે સુજ્ઞને અપાય છે રે લોલ;
સારધારક જે લોક કહેવાય છે રે લોલ. ધન્ય૦ ૪

વાતચિત્તમાંથી સાર સદા લીજિયે રે લોલ;
બુદ્ધિવંત થઇ કાજ સહૂ કીજિયે રે લોલ. ધન્ય૦ ૫

ચિત્ત ચાળણી સમાન નહિ રાખવું રે લોલ;
વિત્ત વૈભવ વિલોકિને ન રાચવું રે લોલ. ધન્ય૦ ૬

જોવા ગુણને થાવું તે ગુણી સર્વદા રે લોલ;
જગત મિત્ર થાય મટે સર્વ આપદા રે લોલ. ધન્ય૦ ૭

વાંચિ સાંભળી સદાય સાર સંઘરો રે લોલ;
કઠણ કામ કાન હિંમતે તમે કરો રે લોલ. ધન્ય૦ ૮

---

* "રાધા ગરબે રમે છે રસ રંગમાં રે લોલ"–ઇત્યાદિ રાહ.

कस्तुरीनी कुलीनता.

(ગરબો–પદ.[1])

રૂપે કાળી પણ ગુણવાળી, કસ્તુરી મેં ભાળી રે;
કંચન[2] કરતાં મૂલે મોંઘી, સુગંધથી જશવાળી રે. રૂપે० ૧
મૃગ માતાને ઉદરે ઉપજી, જનહિત ઝાઝું કીધું રે;
ઔષધમાં ઉપયોગી થઈને, બળ બતલાવી દીધું રે. રૂપે० ૨
વણ બોલે જનનું મન ખેંચે, ગંભિરતા ગુણ ધારી રે;
ખટપટિયા સંતાડે પણ તું, ઝટપટ પ્રગટ થનારી રે. રૂપે० ૩
માટી જેવી હલકી વસ્તુ, તુજ સંગે ન કળાએ રે;
સાથીને પણ શોભા આપે, એવી જાત જણાએ રે. રૂપે० ૪
ગાંધી બાંધી રાખે તેને, તક સાધી ધન આપે રે;
એશુધ જનને શુદ્ધિ આપી, કષ્ટ પરાયાં કાપે રે. રૂપે० ૫
'અમર–કસ્તુરી' નામ પડ્યું તે, કેવળ છે નહિ ખોટું રે;
વખતે મરતાંને ઉગારે, મનુષ્યથી બળ મોટું રે. રૂપે० ૬
કાળી–ગોરી કાયા તે તો, સરજનહારે સરજી રે;
મનથી તેનો મદ પરહરિયે, હરજી કેરી મરજી રે. રૂપે० ૭
ગુણબળ મેળવિયે વિદ્યાથી, નમ્ર–પ્રમાણિક થઇયે રે;
જ્ઞાન કસ્તુરી ડાં'પણ લઇને, જશ જગ જીતી જઇયે રે. રૂપે० ૮

---

૧ " જીભલડી રે તને હરિગુણ ગાતાં "--ઇત્યાદિ રાહ. ૨ સોનું.

कथरोट ने कुंडुं.

(ગરબો.[1])

કુંડાને કથરોટ કેમ હસે છે? કાળપ તો તારાજ દિલમાં દિસે છે.
(ટેક.)

કુંડે કર્યું શું કહે તારૂં કુંડું, ભલી તું તો એનુંજ ભાખતી ભુંડું;
નહિ એ કૃત્ય કરે તું રૂડું. કુંડાને० ૧
જોની તું માટિતણી છું જાયા,[2] માટિમાંથી કુંડાતણી થઈ કાયા;
જડાયા જીવ તોએ નહિ માયા! કુંડાને० ૨
બને લ્યો છો આપેલું ઇશ્વર કેરૂં, આવરદા ભોગવો થોડું ઘણેરૂં;
પળે કરે તરણાં તણો તે મેરૂ. કુંડાને० ૩
નિંદે મુખને તો તે મોટું છે તારૂં, ઉડું શિર કુંડાં તણું અતિ સારૂં;
જાતિ અવગુણ તે કેમ વિસારૂં? કુંડાને० ૪
નિંદે એમ અન્યને મેણુલાં મારી, નક્કી તે તો નિર્લજ છે નર નારી;
પોતાનું કુળ-શિલ-રૂપ વિસારી. કુંડાને० ૫
વાંકાં અંગ ઉંટ તણાં જેમ આઠે, છતાં નિંદે અન્યને વક્રતા માટે;
ઉપર મૂકી ડુંગર ચ્હડવાના ઘાટે. કુંડાને० ૬
પોતે ભૂલ પોતાની તુરત તપાસી, કદી નહિ કરિયે કોઇની હાંસી;
નક્કી નિર્ભૂલ પ્રભુ અવિનાશી. કુંડાને० ૭
બને તો સારૂં કરી બતલાવો, વાણીમાં કૃપણુતા ના દર્શાવો;
ભૂલેલાંને કાન સુપંથ બતાવો. કુંડાને० ૮

---

૧ "વાંસલડી વાગી ને હું જાગી" અથવા "રાતલડી કોની સંગે"-ઈત્યાદિ રાહ. ૨ દીકરી.

विवेक वाणी-

(પદ.*)

જુવતિ લેજો ઝટ જાણી રે, વિવેક વાણી. (ટેક.)
છે સાચાં સુખની ખાણી, વિદ્યાથી પણ વખણાણી;
જન જીવિત તુલ્ય જણાણી રે, વિવેક વાણી૦ ૧
ધન લાભ મળે એનાથી, જન થાએ પ્રેમી સાથી;
મન પ્રસન્ન રહે કહ્યાથી રે, વિવેક વાણી૦ ૨
શું લાવ્યા શું લઈ જાવું, નહિ ટાણું આવે આવું;
વચને કાં દરિદ્ર થાવું રે, વિવેક વાણી૦ ૩
વશ થાએ વેરી ઝેરી, ઝટ કાજ ન કરે નમેરી;
નથિ કિંમત વચન કેરી રે, વિવેક વાણી૦ ૪
અતિ અચળ સુખો એ આપે, જન વચન દોષ જો કાપે;
અવિચળ આનંદે થાપે રે, વિવેક વાણી૦ ૫
જૂઠું નહિ મુખમાં મનમાં, જૂઠું નહિ ઘરમાં જનમાં;
જન મનાય તે મહાજનમાં રે, વિવેક વાણી૦ ૬
ભામિનિ એ ભૂષણ ભાળી, રાખોજી જીભ રૂપાળી;
મન મરજાદા સંભાળી રે, વિવેક વાણી૦ ૭
નિચ વચને ઘાતજ થાએ, નિચ વચને જીવ દુખાએ;
નિચ નિંદા નફટ ગણાએ રે, વિવેક વાણી૦ ૮
સુમતિથી સાર લઇએ, જિભ જીતી સુખિયાં થઇએ;
કહે કાન વિચારો લઇએ રે, વિવેક વાણી૦ ૯

---

* " ચેતે તો ચેતાવું રે, પામર પ્રાણી. "-ઇત્યાદિ રાહ.

निंदानो निषेध.

(ગરબો[1])

નિંદા કરતી રે નારી, પૂરી પાતકની અધિકારી; (ટેક.)
અવગુણ આવે રે અંગે, શિખ્યા વણ તે સંગ પ્રસંગે. નિંદા૦ ૧
શત્રુ સર્વે રે થાએ, નિંદાખોર નફ્ફટ કહેવાએ. નિંદા૦ ૨
શોધક બુદ્ધિ રે સારી, પણ નિંદાની ટેવ નઠારી. નિંદા૦ ૩
બગડે બાળક રે બાળા, પ્રગટે વેર ઝેરની જ્વાળા. નિંદા૦ ૪
મેલ પરાયો રે ધોવે, તે તો કુળ શિળ સઘળું ખોવે. નિંદા૦ ૫
વાતે વાયે રે વ્હાણું, વણસે નાણું તેમજ ટાણું. નિંદા૦ ૬
ચર્ચા કરશે રે ચાડી, તે તો દુખમાં રડશે દો'ડી. નિંદા૦ ૭
વદવા દીધી રે વાણી, જગકર્તારે કરુણા આણી. નિંદા૦ ૮
ભુંડું મુખથી રે ભાખે, તે તો તોલ પોતાનું દાખે. નિંદા૦ ૯
નિંદિત ટેવો રે મૂકો, કાન ચતુર થઇને કાં ચૂકો? નિંદા૦ ૧૦

कुडी कामिनी.

(પરજ.[2])

કર્મે કુડી કામિની જેને રે, નહિ સુખ સ્વપનામાં તેને. (ટેક.)
ભવ બંધાણો જે ભર્તાર સાથે, તેનો અંતરમાં અભાવ;
ખાતાં પીતાં હિણે હિણભાગી અતિ, ધુંધવતોજ સ્વભાવ. કર્મે૦ ૧
ઝેર જેવી લાગે સારી શિખામણ, આળસ અંગ અપાર;
પતિનિંદા એજ કર્તવ્ય પે'લું, નમ્રપણું ન લગાર. કર્મે૦ ૨

---

૧ " શરદ પુનમની રે રાતે "—ઈત્યાદિ રાહ.
૨ " શેઠ સગાળશા સાધુને સેવે. વાણિયો—" ઈ. રાહ.

ધણીતણી લાગણી ન લગારે, મારે મેણાં કેરો માર;
અર્ધાંગ–સાથી ને પ્રધાના દિ ધર્મ, શું તે હદે ધરનાર ! કર્મ૦ ૩
સંસાર બગાડે એકો તણો ને, વિશ્વવિષે વગોવાય;
પ્રેમનાં વૃક્ષને તોડી પાડી પછી, પાપનો ભોગ તે થાય. કર્મ૦ ૪
બાળપણાં થકી ઉગ્ર મિજાજ ને, નમ્રતાનું નહિ નામ;
મદ–મોહનું એ મૂળજ મોટું, કથળે છે તેથી કામ. કર્મ૦ ૫
માતપિતાનું જો શિક્ષણ હોય તો, અવશ્ય રક્ષણ થાય;
લાયક લક્ષણ લેવાને માટે, કરો જે કરવા ઉપાય. કર્મ૦ ૬
જ્ઞાન સમાન નથી સંસારમાં, સાધન કંઇ સુખધામ;
પણ અજ્ઞાને અંધજ તેથી, કાન દુઃખી ઠામ ઠામ. કર્મ૦ ૭

(ચાબખો.*)

ભુંડી ભારજાનું દુઃખ ભારી, સાંભળો સાવધ થઇ નરનારી. (ટેક.)
ભટકવાનું ભાન જ એને, પારકા ઉંમરા ભાંગે;
અંગ મરોડે દાંતો કાઢે કાં, કોપ કરીને લાંઘે. ભુંડી૦ ૧
વાસી કુસી લોટ દાળ સડે પણ, જાણે જોવાની બાધા;
કીડી મંકોડી પડે ધનેડાં, કેમ તે જાએ ખાધાં. ભુંડી૦ ૨
ગંદી પથારી માંકડ મચ્છર, ડંખ થકી દુઃખ થાએ;
તેમાં વળી કંકાસનું ભાપણું, રાત બધી વહિ જાએ. ભુંડી૦ ૩
ધણી તો ધાગા દઇને ચલાવે, નારિને હીર ચીર રૂચે;
કાંત્યું વિત્યું સહુ કપાસ કરિને, શૂળની પેરે ખુંચે. ભુંડી૦ ૪
પ્રિય લાગે પંથ પિયરીઆંનો, કંથ સાસરિયું સાલે;
પિયરીઆંમાં મન પરોવીને, ઘરધણીનું ઘર ઘાલે. ભુંડી૦ ૫
જમ જેવું ઘર લાગે ધણીનું, ઘડી ઘડીમાં નાશે;
'મન માળવે ચિત ચાળવે' રાખી, પાછળથી પસ્તાશે. ભુંડી૦ ૬
વ્હેમ વટાળનો પાર મળે નહિ, ઢોંગ સોંગ તો જોઇ લેવા;
ધરમનો એ પંડે નમૂનો, કૌતક કહિયે કેવાં ? ભુંડી૦ ૭

---

* " જીવને શ્વાસતણી સગાઇ "—ઇત્યાદિ રાહ.

પ્રેમ–શિક્ષા ફોસલામણી માની, બળ તેથી બહુ બાંધે;
રાત દિવસ રીસ રાખી હૃદયે, સ્નેહ ન કોઇ સું સાંધે. ભુંડી૦ ૮
આબરૂ વધારવા ઉડાઉ થાએ, ઘરસંપત ન વિચારે;
પ્રથમ 'વાહવા' કહેનારા પણ, ધમકાવે ધિક્કારે. ભુંડી૦ ૯
વીર માતાઓ આર્ય મહિલા, દેવી સમાન મનાતી;
અભણ રહિને અધમ અભાગી, આજે તે નિંદાતી. ભુંડી૦ ૧૦
વિચાર વહેવાર સંસાર સુધરે, સત્સંગત જો રાખે;
મગત કરી જડવાદ ન છોડે, કાન તે સંકટ સાંખે. ભુંડી૦ ૧૧

(ગરબો.*)

કુલટાની કથની રે, કોઇ નહિ આચરશો;
ઉલટા અપવાદો રે, નહિં મનમાં ધરશો. ૧
કથળે છે કામો રે, કુટિલ જનના સંગે;
આવે છે અવગુણ રે, માણસને અંગે. ૨
પ્રભુ ભક્તિ જુક્તિ રે, નહિં તે કંઇ જાણે;
ખોટી આસક્તિ રે, મમત તેની તાણે. ૩
શુભ કામો કરવા રે, ઉલટ એને ક્યાંથી ?
ચિત ચાક ચડેલું રે, બાળકપણમાંથી. ૪
સંસાર બગાડે રે, પડે દુઃખને ખાડે;
કોણ બ્હાર કરીને રે, કહો તેને કાઢે ? ૫
શીખામણ શોધે રે, જરૂર તે તો સુધરે;
કહે કાન સુવિધા રે, નહિં શું કામ કરે ? ૬

---

* " અવિનાશી આવો રે, જમવા કૃષ્ણ હરિ"--ઈત્યાદિ રાહ.

कंकाशनो नाश.

(ગરબો.*)

કરે જે કામિની કંથ કંકાશ, થાએ તેના સર્વ સુખોનો નાશ;
કંકાશથી એક સરે નહિ આશ, કરે જે૦ ૧
જીવિતનો લેશ મળે ન ભરૂસો, તમાસો સ્વપ્ન સરીખો જોશો;
ખાલી મમતે ખરા લાભને ખોશો, કરે જે૦ ૨
સંસારનું નામજ સ્ત્રીને અપાય, સ્ત્રીવાળો સંસારી તેજ કે'વાય;
એવો માનુનીનો મોટો મહિમાય, કરે જે૦ ૩
કંકાશી કામિની કંથ ઉદાસી, મરણ તુલ્ય જીવતાં નરક નિવાસી;
કરે ભલે તીરથ કેદાર કાશી, કરે જે૦ ૪
કંકાશી કામિની કંથને બાળે, રિદ્ધિ સિદ્ધિ સંસારની તે ટાળે;
બાળકની બુદ્ધિ શુદ્ધિને વટાળે, કરે જે૦ ૫
'કજિયાળી' 'કર્કસા' તે કહેવાયે, 'ભુંડી ભારજા'ની ઉપમા અપાએ;
જન્મારો એમજ ચાલ્યો જાએ, કરે જે૦ ૬
કંકાસનું મૂળ કે'વાય છે કાળું, કંકાશી અંતે બને ઓશિયાળું;
રૂચે નહિ હોય રૂડું રૂપાળું, કરે જે૦ ૭
સહનશિલતા એ નારીનો ધર્મ, શરમમાં શોભા મોભો ને મર્મ;
ગરમ પણ અંતે થવાના નર્મ, કરે જે૦ ૮
પડે મતભેદ તે લોક સ્વભાવ, બને પણ સ્હેજ અયોગ્ય બનાવ;
રૂઝે નહિ એવો એ છે દુઃખઘાવ, કરે જે૦ ૯
હદે ધીર ધર્મ સ્વભાવિક ધરિયે, કદિ કંથ સામાં થવું નહિ જરિયે;
ઇશ્વરતુલ્ય વર કરુણાથી તરિયે, કરે જે૦ ૧૦
કંકાશનું નામજ કાઢી નાખો, સુસંપ સુધારસ સુંદરી ચાખો;
કહાનજી જીવ જુદા નવ રાખો, કરે જે૦ ૧૧

---

* "રિસાયા રસિક સંગાથે રાધા"—ઇત્યાદિ રાહ.

पुत्रीने शिक्षा.

(ગરબી.[1])

ડાહી મારી પ્યારી પુત્રી, શી શિક્ષા દઉં તુજને રે;
સકળ સુગુણ તુજમાં છે સજની, પ્રતીત તેની મુજને. શી શિક્ષા તુજને૦ ૧
પતિસેવા એ પરમ ધર્મ તું, જાણે ચતુર સુજાણ રે;
સુખમાં શાંતિ દુખમાં ધીરજ, ઉર ઓછું નહિ આણ. શી શિક્ષા૦ ૨
શઠ કપટી લોકો સંસારે, આપે અઘટિત આળ રે;
તે સઘળાંથી ચિતમાં ચેતી, ભૂષણ શુભ સંભાળ, શી શિક્ષા૦ ૩
શિયળવંત છો સતી સલૂણી, કુળ કેરો શણગાર રે;
શીતળ સુખકર વચનો તારાં, મહામંત્ર નિર્ધાર. શી શિક્ષા૦ ૪
સપત્નિ સાથે સ્નેહ વધારી, તુજ સમ તેને ગણજે રે;
સમયે કઠણ વચન કંઇ કે'તે, શાંત થઇને સુણજે. શી શિક્ષા૦ ૫
પતિનો પ્રેમ વિલોકી મનમાં, લવ પણ નવ ફૂલાતી રે;
ક્રોધ કરી તુજપર રૂઠે તો, અધીર લેશ ન થાતી. શી શિક્ષા૦ ૬
વાંક પડે તો રાંક થઇને, સાચી વાત ઉચ્ચરજે રે;
ગલફત માટે માફી માગી, ભૂલ ફરી નવ કરજે. શી શિક્ષા૦ ૭
પદ્વિ પ્રમાણે સહુને દેજે, કાન યથારથ માન રે;
પતિને માન્ય થવામાં તારી, મોટપ શોભા માન. શી શિક્ષા૦ ૮

बडीलनी आमन्या.

(ઘોળ. [2])

કુળવંત કુમારિકા સાંભળો, કહું હિતની શિખામણ એક,

---

૧ " શાણાં થઇયેજી–" ઇત્યાદિ રાહ.
૨ " કાગળ લખે કામિની "—ઇ. રાહ.

રાખીને વિવેક, આમન્યા[1] સંભાળિયે. (ટેક.)
પે'લાં જીભને જીતજો યત્નથી, જેની જશ ને જગતમાં ટેક,
છે લાભ અનેક, આમન્યા સંભાળિયે. ૧
પ્રતિ ઉત્તર સામો ના આપશો, કદિ ક્રોધથી કે'શો ન કેણ,
કાઢી નિજ નેણ, આમન્યા સંભાળિયે.
[2]મૃદુ શબ્દ, એ મોહન મંત્ર છે. શત્રુ મિત્ર બને સુખદેણ,
વદે મીઠાં વેણ, આમન્યા સંભાળિયે. ૨
ખમે તેજ ભારી કહેવાય છે, માટે પાડો ક્ષમાતણી ટેવ,
રીઝે જેથી દેવ; આમાન્યા સંભાળિયે.
દોષ અવરના ઉરમાં ન આણશો, કરો સુગુણ ગ્રહણ તતખેવ,
મુકી અહમેવ, આમન્યા સંભાળિયે. ૩
થોડાં બોલાં સાચાં ને સાદાં થવું, જૂઠું જુગતું ન બોલશો બાઇ,
એમાં સજ્જનતાઇ, આમન્યા સંભાળિયે.
ભાષાજ્ઞાન અભ્યાસે વધારવું, શબ્દ ઉચ્ચરવા સુખદાઇ,
લઇ સાલસાઇ, આમન્યા સંભાળિયે. ૪
હાસ્યમાં પણ હલકું ન બોલવું, તેમ કરવું ન તેવું કામ,
કદિ કોઇ ઠામ, આમન્યા સંભાળિયે.
હાસ્ય નિર્દોષ ઉત્તમ આચરો, જેમાં ગમત સાથે મળે જ્ઞાન,
સદા સુખધામ, આમન્યા સંભાળિયે. ૫
નિંદે નિર્લજ નાર સંબંધીને, બોલે વે'વાઇને બૂરા બોલ,
ઘટે તેથી તોલ, આમન્યા સંભાળિયે.
જેને શરમ નહિ તેને શું કહો, એવો સહજ કરે કાગારોળ,
ઘાલી ખોટું ડોળ, આમન્યા સંભાળિયે. ૬
એથી માન વડીલનું ના રહે, તેમ ન રહે પોતાનો ભાર,
એવો એ આચાર, આમન્યા સંભાળિય.

---

૧ મર્યાદા. ૨ અહંકાર.

જ્ઞાન લક્ષણ સર્વ સુધારજો, જેથી સુધરે સહુ સંસાર,
ભાસે શુભ સાર, આમન્યા સંભાળિયે. ૭

शानुं सगपण ?

(ગરબો.[1])

સગપણ સાચું રે શાનું, પડિયું પ્રેમ વિના જો પાનું. સગપણ૦ ૧
ધનને મોટું રે ધારે, તે શું જગમાં કાજ સુધારે ? સગપણ૦ ૨
દાંભિક લોકો રે દાઢાં, મન મેલાં ને મુખનાં મીઠાં. સગપણ૦ ૩
માંદપ જાણી રે રોવે, જાણે નિજનો સ્વારથ ખોવે. સગપણ૦ ૪
મુખથી મ્હેણાં રે મારે, ખોટી વાતો પાડે બ્હારે. સગપણ૦ ૫
માંદપ દેખી રે ભાગે, મ્હેનત માટે મોતજ માગે. સગપણ૦ ૬
બાલપણું માને રે ભુંડું, એવું અંતર જેનું ઉંડું. સગપણ૦ ૭
જૂઠું અંતે રે જાવું, જૂઠું કરતાં કાન લજાવું. સગપણ૦ ૮

साचुं सगपण.

(ગરબો.૨)

સગપણ સાચું રે તેનું, દારુણ દુખમાં દૃઢ મન જેનું. સગપણ૦ ૧
જડશે એવાં રે જોડાં, થાશે ત્યારે દુખડાં થોડાં. સગપણ૦ ૨
ભક્તિ જેને રે ભાવે, નહિ કોઇ વાતે ઓછું આવે. સગપણ૦ ૩
દુખ દરિયાથી રે તારે, મુખથી શબ્દ ન એક ઉચારે. સગપણ૦ ૪

---

૧ " રસિયા આવજો રે રાતે "—ઇત્યાદિ રાહ. ૨ રાગ ઉપરનો.

પ્રેમી પંથે રે પૂરો, આપે તન મન ધન થઇ શૂરો. સગપણ૦ ૫
જડ જિવ જંતુ રે કેવાં, પય પાણી ને પતંગ જેવાં. સગપણ૦ ૬
ચંદ્ર ચકોરી રે પ્રેમી, કવિજન કથતા કીર્તિ તેની. સગપણ૦ ૭
ઇશ્વરપદને રે આપે, થાતી ભૂલ તમામ ઉથાપે. સગપણ૦ ૮
સદ્દગુરુ સ્વામી રે સાચા, ભજિયે મનસા કાયા વાચા. સગપણ૦ ૯
અનુભવ સાધન રે સંગી, ટાળે તમામ વાતે તંગી. સગપણ૦ ૧૦
સગપણ સાચું રે જાચું, કાન હરિવણ સઘળું કાચું. સગપણ૦ ૧૧

मायनो महिमा.

(ગરબો–પદ.[1])

સહુ નરનારી, ગાય તણું ગુણગાન કરી સુખ માણિયે;
સુખ સંપત્તિ, મળવાનું સાધન ગોસેવન જાણિયે. (ટેક.)
જન જન્મ થકી પયપાન કરે, તર[2] તક[3] જમી બળ શુદ્ધ ધરે;
અન વસ્ત્ર સજી એથી ઉધરે, સહુ નરનારી૦ ૧
શીતળ નિર્મળ મુખડું રૂડું, કદિયે ન કરે કોનું કૂડું;
ઉર શાંત વિશાળ અતિ ઉંડું, સહુ નરનારી૦ ૨
અણિયાળી કાળી આંખલડી, ધોળી રાતી શુભ જાતલડી;
કોઇ જાડી ઝાઝી પાતળડી, સહુ નરનારી૦ ૩
રક્ષણ એનું તે આપણનું, જર મૂક્યું જાણે થાપણનું;
પણ દુઃખ મૂર્ખતા ખાંપણનું; સહુ નરનારી૦ ૪
પાલન પોષણ રક્ષણ કીજે, શુભ લક્ષણ સેવાનાં લીજે;
ઝટ કાન સરસ અમૃત પીજે, સહુ નરનારી૦ ૫

---

૧ " વાંસલડી, વેરણ થઇ લાગી રે વ્રજની નારને "—ઇત્યાદિ રાહ.
૨ મલાઇ. ૩ છાશ.

(ગરબો.[1])

પાળો પાળો ગાયો સહુ પ્રીતે, ખાળો ભલા લાભો નવનીતે.[2] (ટેક.)
પૂરે કામધેનુ સહુ કામ, ગવાયું ગ્રંથ વિષે નામ;
ધેનુ વણ કંઇ ન પવિત્ર ધામ, પાળો પાળો૦ ૧
ચરી તૃણ ગુણ અગણિત કરે, દહીં દૂધ માખણ ઘૃત ભરે;
અંતે તન તાપ અગાધ હરે, પાળો પાળો૦ ૨
ભણી ગણી અર્થ વિચાર કરો, ઘણા ગુણનો એ અંખૂટ ઝરો;
ખરાં સુખનું દ્વાર શું વિસરો ? પાળો પાળો૦ ૩
દુઃખી દશા જાય દરિદ્રપણું, અને હિંદનું કીર્ત નિત્ય ઘણું;
ખીલે ભાગ્ય કાન ત્યારે આપણું, પાળો પાળો૦ ૪

(ગરબો.[3])

ગાય છે ગાય છે ગાય છે રે, ધન ધાન્ય તણું મૂળ ગાય છે. (ટેક.)
પાય છે જે પય માયના સરીખું, ગુણ તેના તો ગવાય છે રે, ધન૦ ૧
ભેંસનું ભારી ને બકરીનું હલકું, ગાયનું સમાન ગણાય છે રે, ધન૦ ૨
વિયાય છે વળિ જે નવ માસે, વૈદકનો અભિપ્રાય છે રે, ધન૦ ૩
ગાય પોષાય તો ખેતીવાડી ને, દેશ આબાદિ છવાય છે રે, ધન૦ ૪
બળદ મળે વળિ બહુ બળવંતા, શાંતિમાં જે જોતરાય છે રે, ધન૦ ૫
ખેતિ ઉદ્યોગનું દ્વાર એ ખરેખર, આળસમાં અટવાય છે રે, ધન૦ ૬
અન્ન-વસ્ત્ર શાક-પાક પામો અનુપમ, કાન સિદ્ધાંત સહાય છે રે, ધન૦ ૭

---

૧ " આવો હરિ શિવશંકર ભોળા-" ઇત્યાદિ રાહ. ૨ માખણ અથવા નિત્ય નવાં નવાં (પકવાન.)

૩ " મળજો મળજો મળજો રે, મારા શ્યામ. "—ઇત્યાદિ રાહ.

વસંતની શોભા.

(ઘોળ–દેશી.§)

શોભા શી વસંતની. (ટેક.)

મંદ પવન શુભ વાય ને, ઝુંઝતી વૃક્ષ ઘટાય,
સુંદર શબ્દ મયૂર ને, શુક કોકિલના સુખદાય. શોભા શી૦ ૧
અનુપમ ફૂલ્યાં ફૂલ આ, ફળ વેલની શુભ ભાત,
જગતરંગને નિરખતાં, ચિત્ત શાંતિ મળે સાક્ષાત. શોભા શી૦ ૨
સુંદર સરવર જળ વિષે, દળ કમળ ખિલ્યાં સાર,
પારિજાતક ને કેવડો, મ્હેકે મોગરો મનહર હાર. શોભા શી૦ ૩
સરસ રસ ભરપૂરથી, પ્રફુલ્લિત છે વન વૃક્ષ;
ભોગિ ભ્રમર આનંદમાં, કાન ઈશ વિષે એક લક્ષ. શોભા શી૦ ૪

શારદાની સ્તુતિ.

(ગરબો.*)

શારદ શારદ માત તમને, ચરણ કમળ શિશ નામું, શારદ માત તમને.(ટેક)
પ્રેમરૂપી શુભ પુષ્પે વધાવું, હૃદય મંદિર પધારવું, શારદ માત તમને.
જગતજનની મન રંજની માતા, શી ઉપમા હું આપું, શારદ માત તમને. ૧
શક્તિસ્વરૂપે ભક્ત ઉદ્ધાર્યા, જગતની ચિંતા તમામ, શારદ માત તમને.
નારદ પણ શારદ પદ પૂજે, દેવ કરે છે પ્રણામ, શારદ માત તમને. ૨
બાળ બુદ્ધિ હું સ્તુતિ કરૂં શું, વિદિત જગતની છે વાત, શારદ માત તમને;
કાન નિરંતર ભાવ ભરોંસે, સંભારે દિવસ ને રાત, શારદ માત તમને; ૩

---

§" અનિરૂધજીની ઘોડલી "--ઇત્યાદિ રાહ.
* " ગોકુળિયે લઇ ચાલો, ઓધવરાજ અમને"—એ રાહ.

રૂઢિબાઇને બોધ.

(રાગ ગીતનો.*)

રૂડી શીખામણ રૂઢિબાઇને ન રૂચે; (ટેક.)
તમને જ્ઞાની મનાવે, અંધ મનાવે, માનો હો રાજવી;
રૂડી શીખામણ૦ ૧
ઉંડાં મૂળો રે અતિ એમનાં; એનાં ફળનાં શાં કરવાં વખાણ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૨
બુદ્ધિબાઇને ને એને ના બને, તેથી નિપજયાં ઝાઝાં અકાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૩
હારી હેઠા બેઠા શેઠીઆ, હઠ્યા સુધારાના સમાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૪
જૂના ઉદ્દેશો જાતા રહ્યા, રહ્યા લિસોટા જેવા અવાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૫
નાણાંનાં વ્હાણાં તો વીતી ગયાં, ગયાં રાજ ને શોભા સાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૬
નાચો ને નાતો તો ઘટયાં નથી, નથી થાતાં સુધારાનાં કાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૭
વિદ્યા માતાએ તમને વીનવે, હવે માનો કાંઇ ધરી દાઝ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૮
સુધરો તમે તો સહુ સુધરે, ન કાં ડૂબશે જગત જહાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૯
રૂડી શીખામણ અમે માનશું, પણ કુડાંની તો ચોખ્ખી નાજ હો રાજવી;
રૂડી શીખામણ૦ ૧૦

---

* "ઓઢોને સાહેબજાદી ચુંદડી "—એ રાહ.

કરજો કહ્યું બુદ્ધિબાઇનું, તોજ વધશે તમારી લાજ હો રાજની;
રૂડી શીખામણ૦ ૧૧
બોધ સુધારાનો સ્વીકારજો, કહે કાન તો સરશે કાજ હો રાજની;
રૂડી શીખામણ૦ ૧૨

लाजमरजादनुं चलण.

(ગરબો.[1])

લાજ મરજાદા નિહાળી, સખી આજ મેં લાજ મરજાદા નિહાળી. (ટેક.)
નીચાં નેણાં કરી ઉંચું નિહાળે, દાખવે કાંતિ રૂપાળિ. સખી આજ૦ ૧
વેણમાં લેશ પણ વિનય મળે નહિં, ગીત[2] ગાતાં હદ્દ વાળિ. સખી આજ૦ ૨
લાજના રિવાજથી કાજ[3] કથળે છે, એમાં શી શોભા ભાળિ, સખી આજ૦ ૩
અનીતિ અડચણ એથી શું અટકે. અથવા કુટેવ કંઈ ટાળિ, સખી આજ૦ ૪
આજ રામ રાજ્યમાં[4] બુરખા તે શાના, શીલ શોભા રઢિયાળિ, સખી આજ૦ ૫
દેવ મંદિરમાં રંગે ભિંજાઓ, મૂખકે ઘુંઘટ વાળિ, સખી આજ૦ ૬
સારાં સગાંની લાજ તાણે ને, અન્યને હાથ દે તાળિ![5] સખી આજ૦ ૭
દક્ષિણિ પારસી અંગ્રેજ લોકો, શું એણે સુનીતિ ટાળિ? સખી આજ૦ ૮
લાજ રાખવી તે રાખવી આંખમાં, નીતિના નિયમ નિહાળિ, સખી આજ૦ ૯
જૂના સમય જેવું આજ છે શું સંકટ, કાન કહે દિવસ દિવાળિ, સખી આજ૦ ૧૦

---

૧ "શ્યામ રંગ સમિપે ન જાવું સખી, આજ થકી"–એ. રાહ.
૨ ફાગ–ફટાણા વગેરે નિર્લજ ગીતો.
૩ મુસાફરી વગેરે પ્રસંગે બોલવાની બંધીથી મુશ્કેલી પડે છે.
૪ અંગ્રેજી પવિત્ર રાજ્ય.
૫ અતિ છૂટથી બોલે ચાલે છે. ને કોઈક તાળી દેતી કહેવાય છે.

अबळाओनी अवदशा.

(ગરબો*)

આજ અબળા રિબાય ! ધરો તે જ ધ્યાને;
ઘણા થાય છે અન્યાય ! ધરો તે જ ધ્યાને. ૧
કહું અલ્પ જે વિચાર, ધરો તે જ ધ્યાને;
જેથી સુધરે સંસાર, ધરો તે જ ધ્યાને. ૨
યોગ્ય કોણુને છે છૂટ ? ધરો તે જ ધ્યાને;
માની આબરૂની ખૂટ ! ધરો તે જ ધ્યાને. ૩
વૃથા થાય અપમાન ! ધરો તે જ ધ્યાને;
એથિ લાભ કે નુકશાન ? ધરો તે જ ધ્યાને. ૪
બાળપણે ન પોષાય ! ધરો તે જ ધ્યાને;
પુત્ર ભેદથી ભેદાય ! ધરો તે જ ધ્યાને ૫
કરે વિક્રય નર ક્રૂર, ધરો તે જ ધ્યાને;
પડે સંકટે જરૂર ! ધરો તે જ ધ્યાને. ૬
ન દે યોગ્ય જ્ઞાન માન, ધરો તે જ ધ્યાને;
નિત્ય નિંદતા નાદાન, ધરો તે જ ધ્યાને. ૭
થાય સોકયતણાં સાલ, ધરો તે જ ધ્યાને;
ખરાં દુઃખતણો ખ્યાલ, ધરો તેહ ધ્યાને. ૮
કુડી કજોડાંની હાય, ધરો તેહ ધ્યાને;
કાન યોજવા ઉપાય, ધરો તેહ ધ્યાને. ૯
નારિ જાતની આશીષ, ધરો તેહ ધ્યાને;
રિઝે જેથી જગદીશ, ધરો તેહ ધ્યાને. ૧૦

---

*"ચા છક્કા" માં ગવાય છે. રાગ–"જે આ જગતને નિભાવે"–ઈત્યાદિ.

ઉબળાનો બોલ ...રી.

(ગરબો*)

જુઓ વિચારી, સહુ નર નારી, અબળાની બલિહારી; જુઓ૦ (ટેક.)

ભરી સભાઓ ભાષણ ભાખે, વિવિધ વિષય વિસ્તારી. જુઓ વિચારી૦ ૧
રૂઢિ બંધનમાં કરે સુધારા, વિગતે વ્હેમ વિદારી. જુઓ વિચારી૦ ૨
સંકટ સમયે સહાય આપે, પતિવ્રત ધર્મ પ્રસારી. જુઓ વિચારી૦ ૩
હિંમત રાખી બ્હાર પડે છે, નિજ ભૂષણ સંભારી. જુઓ વિચારી૦ ૪
બુદ્ધિબળથી કામો કરતાં, ડરતી નથી નઠારી. જુઓ વિચારી૦ ૫
ઘર વર ને પૂરણ સંતોષે, કરે પ્રતિજ્ઞા પ્યારી. જુઓ વિચારી૦ ૬
રાજનિપુણ લેખક વક્તા થઇ, ભીતિ સર્વ નિવારી. જુઓ વિચારી૦ ૭
ખરા સુધારા ખરા ગુણોને, એ સર્વે આભારી. જુઓ વિચારી૦ ૮
ઉત્તમ વનિતા સકળ જગતમાં, કરશે કીર્તિ સારી. જુઓ વિચારી૦ ૯
શિક્ષકરૂપે કાર્ય કરે છે, વિદ્યા વેલિ વધારી. જુઓ વિચારી૦ ૧૦
વૈદ્ય વકિલની પદ્વિ પામે, શી શક્તિ સુખકારી. જુઓ વિચારી૦ ૧૧
ઘરસંસાર કસરથી ચલવે, ઊપજ ખર્ચ વિચારી. જુઓ વિચારી૦ ૧૨
થજો એમ ઉત્કર્ષ સર્વદા, આશિષ કાન ઉચારી. જુઓ વિચારી૦ ૧૩

મિથ્યા મારો ન મેણાં.

(રાગ ફટાણાંનો.†)

મંડળમાં મળી માનુની, મિથ્યા મારો ન મેણાં;
વાત કાઢો કાંઈ કામની, મિથ્યા મારો ન મેણાં. ૧

---

* " ગાગરિયાં મત ઢોરો કનૈયા "—ઈત્યાદિ રાહ.

† " મેઘાડંબર ગાજે "—ઈ. રાહ.

વાંક તો સર્વમાં હોય છે, મિથ્યા મારો ન મેણાં;
સમજી વિવેકી જોય છે, મિથ્યા મારો ન મેણાં. ૨
મૂળ એ છે કંકાસનાં, મિથ્યા મારો ન મેણાં;
ફળ ઉપજે કડવાશનાં, મિથ્યા મારો ન મેણાં. ૩
હોય કે'વા જેવું કાંઇ તો, મિથ્યા મારો ન મેણાં;
ધીરજથી કહો બાઈ તો, મિથ્યા મારો ન મેણાં. ૪
આળગાં સગાં સ્નેહિ થાય છે, મિથ્યા મારો ન મેણાં;
પશ વેણુ તે વખણાય છે, મિથ્યા મારો ન મેણાં. ૫
મતભેદે મમતા ન મૂકશો, મિથ્યા મારો ન મેણાં;
ચતુરાં સુચાલ ન ચૂકશો, મિથ્યા મારો ન મેણાં. ૬
ખબર કોઇ નહિં પૂછશે, મિથ્યા મારો ન મેણાં;
અડચણ એથી ઘણી થશે, મિથ્યા મારો ન મેણાં. ૭
વેણ ગણી ગણી બોલિયે, મિથ્યા મારો ન મેણાં;
અંતરની આંખ ખોલિયે, મિથ્યા મારો ન મેણાં. ૮
જીવ સહુનો સમાન છે, મિથ્યા મારો ન મેણાં;
મીઠાં વચનમાં માન છે, મિથ્યા મારો ન મેણાં. ૯
વા'લાં વેવાઇ વેલાં મળે, મિથ્યા મારો ન મેણાં;
કાન કરો પ્રેમ આપ લે, મિથ્યા મારો ન મેણાં. ૧૦

પ્રીતિથી પુત્રીને પાળો.

(ધોળ—ગીત.*)

પાળો સહુ, પુત્રીને પ્રાણ પ્રમાણે રે,
દૂભો નહિં ક્રોધ કરી કોઇ ટાણે રે.—(ટેક.)

---

* " કંકણુ કાંકણુ ને વચ્ચે ચૂડી રે. "–ઇત્યાદિ રાહે ગવાય છે.

આપ્યો ઇશે અબળાનો અવતાર રે,
તેમાં નથી વાંક એનો તલભાર રે; પાળો સહુ૰ ૧
ચાલે કેમ એક વડે સંસાર રે,
જોડાંતણો જુઓ નિયમ નિર્ધાર રે; પાળો સહુ૰ ૨
નથી ઇશદૃષ્ટિયે ભેદ તે કાંઇ રે,
સંસારિની સ્વારથી એહ સગાઇ રે; પાળો સહુ૰ ૩
આપો પ્રેમે પૂરણ વિદ્યાદાન રે,
જેથી થાય ગંભિર ને ગુણવાન રે; પાળો સહુ૰ ૪
યોગ્ય વયે લાયક વરને વરાવો રે,
લહો પ્રેમે લગ્ન–વિવાહનો લ્હાવો રે; પાળો સહુ૰ ૫
પુત્રિ પણ અંગ પોતાનું જાણિ રે,
કરો શુભ સંભાળ ધર્મ પ્રમાણી રે; પાળો સહુ૰ ૬
વૃદ્ધ વયે સંભાળ ભાવથી લેશે રે,
ઓછું કંઇ એહ ન આવવા દેશે રે; પાળો સહુ૰ ૭
જાંડે ગાળો કેવળ હલકા હોય રે,
તેવી રીત સાલસને નવ સ્હોય રે; પાળો સહુ૰ ૮
ભલું ગણો ભાવે પ્રભુએ જે દીધું રે,
કાન કહે માથે ચડાવી તે લીધું રે; પાળો સહુ૰ ૯

सारां वांचननां वखाण.

(ગરબો.†)

સહુ બાળી યુવા નર નાર, પૂરણ પ્રીત ધરી;
વાંચી શુભ ગ્રંથ વિચાર, લેજો શીખ ખરી. (ટેક.)

વ્હેમ વિચારે સર્વ પ્રજાને, થાય મહા નુકશાન રે;
તેમજ કેળવણી વણ જગમાં, કથળે કેવાં કામ ?—લેજો શીખ ખરી૰ ૧

† "સારૂં સારૂં રે સુરત શહેર."—ઈત્યાદિ રાહ.

નર નારીનાં વય ગુણ જોઈ, કરવાં ઘટે લગ્ન રે;
તેહ સંબંધી ઉરમાં આણો, અનુભવયુક્ત વચન.—લેજો શીખ ખરી૦ ૨
ક્રોધી કુલટા કામિનીઓ ને, કપટી પુરુષો ક્રૂર રે;
ગુપ્ત પ્રપંચો રચે નઠારા, તેથી રે'વું દૂર.—લેજો શીખ ખરી૦ ૩
સુંદરિ ભરી સભાઓ ભાખે, સંભાષણ સુખકાર રે;
લે ઉપદેશ પરસ્પર તેથી, સુધરે છે સંસાર.—લેજો શીખ ખરી૦ ૪
સ્ત્રીશિક્ષણ બાળકરક્ષણના, બોધક બેશ પ્રસંગ રે;
વાંચી સમજી સ્વધર્મ ધારો, મૂકી આળસ અંગ.—લેજો શીખ ખરી૦ ૫
ગરવા ગ્રંથતણા અભ્યાસે, ગૌરવ જ્ઞાન પમાય રે;
દર્પણ સમ અવગુણ પોતાના, જાણી દૂર કરાય.—લેજો શીખ ખરી૦ ૬
વાંચન તેવા વિચાર ઉપજે, વિચાર સમ આચાર રે;
વાંચનપરથી થાય પરિક્ષા, કેવાં નર ને નાર.—લેજો શીખ ખરી૦ ૭
પરમસ્નેહિ ઉત્તમ પુસ્તક છે, આપે સરસ સલાહ રે;
બદલામાં કંઇપણ નવ માગે, પંડિત વચન પ્રવાહ.—લેજો શીખ ખરી૦ ૮
ભાષાજ્ઞાન વધે અભ્યાસે, મન રંજન પણ થાય રે;
સાધન એવાં સુઝ પડે કે, કિંમત નવ અંકાય.—લેજો શીખ ખરી૦ ૯
કાન મળે દુર્લભ સન્મારગ, થાય આત્મકલ્યાણ રે;
તે વાંચનપર વારી જાઉં, જેમાં ઝાઝું જ્ઞાન.—લેજો શીખ ખરી૦ ૧૦

भक्ति करतां पण संभाळजो.

(પદ–ગરબી.*)

સાંભળ સજની, દિન રજની રીતિ અતિ ઉત્તમ રાખિયે;
અધ અવગુણનાં, કડવા ફળનો સ્વાદ કદી નવ ચાખિયે. (ટેક.)
ભજિયે પ્રભુને શુભ ભાવ ધરી, સજિયે સત્સંગત ટેક ખરી;
લાંછન જેથી લાગે ન જરી, સાંભળ સજની૦ ૧

* "હરિભજન થકી છોટા હોય તે."—ઈત્યાદિ રાહ.

પતિ માત પિતા મ્હોટા ભાઈ, એ અયોગ્ય કે'શે નહિ કાંઈ;
શિક્ષા તેની અતિ સુખદાઈ, સાંભળ સજની૦ ૨

સંસાર તણી ઘટમાળ ફરે, જન જન્મે તેમ કંઈક મરે;
સત્કર્મ કરે ભવસિંધુ તરે, સાંભળ સજની૦ ૩

જુઠાં જન જગમાં જ્યાં ત્યાં છે, લાલચ લંપટ ફળ ફાંફાં છે;
તપ તીરથનાં તો બ્હાનાં છે, સાંભળ સજની૦ ૪

મનમેલાં જનથી દૂર રહો, તન ધન લોભીનો મર્મ લહો;
એને નહિ પ્રભુના ભક્ત કહો, સાંભળ સજની૦ ૫

ફાકટિયા ફંદી આવે છે, એ માયાજાળ બિછાવે છે;
ભોળાંને સહજ ભમાવે છે, સાંભળ સજની૦ ૬

વિષયીજન તનને તાકે છે, ધનધૂતા ભળતું ભાખે છે;
મન પણ મુખથી નવ માગે છે, સાંભળ સજની૦ ૭

કોઇ ગુરૂ–ઇશ્વર હું બોલે છે, ઉપદેશ દઇ મન ડોળે છે;
ભક્તોના ભાને બોળે છે, સાંભળ સજની૦ ૮

કોઇ સ્નેહિ સંબંધી એવા છે, શૂળી સમ જેની સેવા છે;
વિષતુલ્ય તેમના મેવા છે, સાંભળ સજની૦ ૯

ધાર્યું ન બને તો ધમકાવે, કરિ ક્રોધ કુટિલતા દર્શાવે;
લે બદલો જે રીતે ફાવે, સાંભળ સજની૦ ૧૦

ખાલી ખોટી જે આસક્તિ, એને નહિ નામ ઘટે ભક્તિ;
આશા શી મળવાની મુક્તિ, સાંભળ સજની૦ ૧૧

શ્રદ્ધાથી સત્કર્મો કીજે, શુભ ધર્મ મર્મ જાણી લીજે;
પ્રભુ જશના જામ કાન પીજે, સાંભળ સજની૦ ૧૨

गंभीर गीत गाओजी.

(ગરબો.૬)

ગંભીર અર્થનાં ગીત, ગૌરી ગાઓજી;
કોમળ સુર તાલ સહિત, મન હરખાઓજી. ૧
જે સુણતાં સહુ હરખાય, ગૌરી ગાઓજી;
લવ પણ શંકા નવ થાય, મન હરખાઓજી. ૨
સીતા રૂક્મિણિ મહિમાય, ગૌરી ગાઓજી;
દમયંતિ વચન સુખદાય, સુણિ હરખાઓજી. ૩
શિવવિવાહ વચંન વિશાળ, ગૌરી ગાઓજી;
જેમાં સદ્દબોધ રસાળ, સુણિ હરખાઓજી. ૪
શુભ લગ્ને મંગળ ગીત, ગૌરી ગાઓજી;
જેમાં હિત શિક્ષા રીત, મન હરખાઓજી. ૫
ચતુરાં ચતુરાઇ વિચાર, ગૌરી ગાઓજી;
જે શોભાવે સંસાર, મન હરખાઓજી. ૬
બહુ રસિક રૂપાળા રાગ, ગૌરી ગાઓજી;
પણ ગાન ફુટાણાં ફાગ, મન શરમાઓજી. ૭
આપે જે ગમ્મત જ્ઞાન, ગૌરી ગાઓજી;
વાધે જેથી જશ માન, મન હરખાઓજી. ૮
રીઝે જેથી જગરાય, ગૌરી ગાઓજી;
એ ઉત્તમ ગીત ગણાય, સુણિ હરખાઓજી. ૯
હરિ લીલાનો વિસ્તાર, ગૌરી ગાઓજી;
કહે કહાનજી નિર્ધાર, સુણિ હરખાઓજી. ૧૦

---

* "પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળી રે'-ઇત્યાદિ રાહ.

सुधाराथी संतोष.

(ગીત.†)

ઉગ્યો સૂર્ય સુધારાનો બેની રે, સંતોષ થયો,
સુણો કવિતા કહે કવિ તેની રે, સંતોષ થયો. ૧
દંભાચાર્યને દૂર વળાવ્યા રે, સંતોષ થયો,
રૂઠ્યાં રૂઢિબાઇ પાસે ન આવ્યાં રે, સંતોષ થયો. ૨
મૂકી મનથી ખોટી મ્હોટાઇ રે, સંતોષ થયો,
સત્ય સંપથી સાધી સગાઈ રે, સંતોષ થયો. ૩
સંપ સુરતરુ સેવન કરશું રે, સંતોષ થયો,
મદ ઈર્ષા અવગુણ પરહરશું રે, સંતોષ થયો. ૪
નવું જૂનું લેશું સાર શોધી રે, સંતોષ થયો,
બોધ લેતાં થશું ન વિરોધી રે, સંતોષ થયો. ૫
અંકુશ વેરીનાં ગાત્રો ગળિયાં રે, સંતોષ થયો,
વિદ્યા વેલીનાં ફળ શુભ ફળિયાં રે, સંતોષ થયો. ૬
ન્યાયરાયે સુમાર્ગ બતાવ્યો રે, સંતોષ થયો,
એનો ઉદ્દેશ અમને ભાવ્યો રે, સંતોષ થયો. ૭
મિથ્યા આચાર નવ આચરશું રે, સંતોષ થયો,
સદા સદાચારે ચિત્ત ઠરશું રે, સંતોષ થયો. ૮
કરશું નાતમાં ઘટતા સુધારા રે, સંતોષ થયો,
નાચ્ય નાતના ધારા ન્યારા રે, સંતોષ થયો. ૯
ભુંડાં ગીત હવે નવ ગાશું રે, સંતોષ થયો,
જાળવી મરજાદ પંકાશું રે, સંતોષ થયો. ૧૦
ધર્મ કર્મ કુટિલતા ટળશે રે, સંતોષ થયો,
કાન સન્મતિ સત્વર મળશે રે, સંતોષ થયો, ૧૧

---

† "અમે ઇડરીઓ ગઢ જીત્યાં રે"—ઈત્યાદિ રાહે ગવાય છે.

पतिने पजवशो नहि.

(પદ—દેશી*)

પતિને ન પજવશો ક્યારે રે, સાહેલી;
તોજ થાશો સુખી સંસારે રે, સાહેલી. (ટેક.)

સુખ વૈભવ શ્રીમંત સરીખા, સહુને ક્યાંથી મળશે;
પણ લોભને વશ થઇ લડવાથી તો, સુખ જે હશે તે ટળશે રે સાહેલી. ૧
ઉપરિ શેઠની સેવા કરિને, સાંઝે ઘરમાં આવે;
ભાન વિનાની ભામિનીઓ તે, બોલે જેમ મન ફાવે રે સાહેલી. પતિને૦ ૨
વસ્ત્રાભૂષણ વરથી વ્હાલાં, વનિતા કેમ વિચારો;
એવાં તુચ્છ સુખો માટે શું, ચૂકો ધર્મ તમારો રે સાહેલી. પતિને૦ ૩
ઊપજ ખર્ચ વિચાર ન કાંઇ, દોરે તેમ દોરવાઓ;
લાંબા સંગે ટુંકા જઈ જેમ, પાછળથી પસ્તાઓ રે સાહેલી. પતિને૦ ૪
પતિ પરમેશ્વર પતિ પ્રાણેશ્વર, પલ પણ કેમ રે'વાયે;
તેમ છતાં સંતાપતાં સલુણી, શરમ અંતરમાં ના'વે રે સાહેલી. પતિને૦ ૫
એવાં આચરણો અબળાને, યોગ્ય કહો કોણ કે'શે;
નિંદાપાત્ર નઠારિ ઠરાવી, આગળ વધવા ન દેશે રે। સાહેલી. પતિને૦ ૬
સ્ત્રી અર્ધાંગી સ્ત્રી સૌભાગી, સ્ત્રી લક્ષ્મી સ્ત્રી દેવી;
એવી ઉપમા ખોઇને ખાલી, નીચી પદ્વિ કાં લેવી રે સાહેલી. પતિને૦ ૭
પ્રાચિન—પૂર્વ તણી પ્રમદા સમ, છાપ તમારી પાડો;
ઘરસંસાર સંતાપ નિવારી, ઉદ્યમે ચિત્ત લગાડો રે સાહેલી. પતિને૦ ૮
બહુ વાતે કદિ કષ્ટ હોય તો, આરાધો ઇશ્વરને;
સહાયતા સજ્જનની માગો, પણ નિંદો નહિ વરને રે સાહેલી. પતિને૦ ૯

---

* " મારૂં માણેકડું રીસાગ્યું રે સામળિયા. " ઈત્યાદિ રાહ.

આગળની અબળાઓ* જેવા, સુંદરિ સદ્‌ગુણ લેશો;
આ લોકે સુખ પામિ અનુપમ, અંતે પ્રભુપદ રે'શો રે સાહેલી. પતિને૦ ૧૦
સાચો સેવા ધર્મ વિચારી, ચતુરાં ચૂક ન કરશો;
ડરિ ડરિને ડગલાં ભરશો તો, કાન કંથ ચિત્ત હરશો રે સાહેલી. પતિને૦ ૧૧

स्वामिने सहाय करो.

(પદ—દેશી=)

કરો સાહ્ય સ્વામિને સહુ સુંદરી, જુઓ કઠિણ કેવો આવ્યો કાળ ?
ઓ ! અબળાઓ૦ (ટેક.)

ઘણાં દૈવયોગે દુખિયાં દીસે,
કાળો ફેલાયો દુષ્કાળ, ઓ અબળાઓ૦
રોગ ભોગે પડયાં કઇક શોકમાં,
આગે કીધાં કઇકને બેહાલ, ઓ અબળાઓ૦ ૧
ધરતિકંપથી કઇક ઢળી પડયાં,
ડૂબ્યાં દરિયામાં કઇક જહાજ, ઓ અબળાઓ૦
અન્ન વસ્ત્ર વિના જન વ્હાવરાં,
વેચે વનિતા સંતાનને આજ ! ઓ અબળાઓ૦ ૨
કઇના પાલનહાર ચાલ્યા ગયા,
રડે કુટુંબીઓ ચોધાર ! ઓ અબળાઓ૦
ભૂખે નમાયાં બાળકો ટળવળે,
કોણ તેની સંભાળ લેનાર ? ઓ અબળાઓ૦ ૩

---

*"આર્યાચરિત્રાવળિ"માં સન્નારીઓનાં સુબોધક વૃતાંતોનો સંગ્રહ છે.
= "હો રે વીરાજી" —ઈત્યાદિ રાહ.

કંઇક યુદ્ધ સંગ્રામે ઝુંઝી મુવા,
એમ તન ધનની થઇ હાણુ ! એ અબળાઓ૦
ઘાસ વિના પશુ પ્રાણુ ખોય છે,
ખરે ખેતિને એ નુકશાન, એ અબળાઓ૦ ૪
મિલ ઉદ્યોગ બંધ જેવા દિસે,
નહિ વેપારમાં કંઇ સાર, એ અબળાઓ૦
નિત્યે કાજ તે પ્રતિદિન કીજિયે,
વૃથા વખત ન ખોવો લગાર, એ અબળાઓ૦ ૫
લગ્ન-મરણુ પ્રસંગે આવે સમે,
જૂની રીત રૂઢિ કરી દૂર, એ અબળાઓ૦
જર જતન કરીને બચાવજો,
જીવે રાંકડા જીવ જરૂર, એ અબળાઓ૦ ૬
કરજો માંદાને મદદ જે કંઇ બને,
અન્ન વસ્ત્ર સદન દવા દાન, એ અબળાઓ૦ ૭
ઉર કોમળ ઉદાર રાખજો,
જાણો આપ સમા સહુ પ્રાણુ, એ અબળાઓ૦
ખોટા ધર્મમાં ધન ન ઉડાવશો,
ખરો ધર્મ તો પર ઉપકાર, એ અબળાઓ૦ ૮
તક હાથ આવી ન ગુમાવશો,
ગુણ ગાશે દુઃખી નર નાર, એ અબળાઓ૦ ૯
મૂકી મમત હવે સહુ માનુનિ,
ધરો સ્વામી તણી દીલદાઝ, એ અબળાઓ૦
તોજ સુખી થશો સહુ દંપતી,
કાન અરજ કરે એ આજ, થાઓ અબળાઓ૦ ૧૦

पशुपालन उपदेश.

(પદ-ધન્યાશ્રી.*)

પશુદશા દુખકાર, થઇ છે, પશુદશા દુખકાર. (ટેક.)
ભૂખ્યાં પશુઓ ભોગ કરે છે, ભટકે થઇ ભૂખાર. થઇ છે૦ ૧
પાંજરાપોળો ગૌશાળાઓ, નિરખો સહુ નિર્ધાર. થઇ છે૦ ૨
ગાયો ભેંસો બળદો પાડા, બકરા બહુ બિમાર. થઇ છે૦ ૩
પગે લંગડા પેટે ખાડા, ખોડીલા તોખાર. થઇ છે૦ ૪
ગોળ ખોળ ન મળે બળદોને, ન મળી નીલી ચાર. થઇ છે૦ ૫
પશુ પ્રદર્શન થયાં વિસર્જન, ઉત્તેજન ન લગાર. થઇ છે૦ ૬
દયાભાવ ઘટતો ચાલ્યો છે, સ્વારથરત નરનાર. થઇ છે૦ ૭
સત્ય સ્વાર્થ પશુપાલન પણુ તે, સમજે વિરલા સાર. થઇ છે૦ ૮
સમજે પણુ વર્તે તો થાએ, દેશોદય જયકાર. થઇ છે૦ ૯
પ્રમાદ મૂકી કરો પ્રયત્નો, કાન કરો કાં વાર ? થઇ છે૦ ૧૦

(ગરબો-રાગ સાગર.=)

કરો પશુતણી રક્ષાય, સહુ નર નારી રે;
તો દેશ આબાદી થાય, અતિ સુખકારી રે. ૧
થયો ભારત આ દુર્ભાગ્ય. છેક ભિખારી રે;
લાગિ નિર્ધનતારૂપ આગ, સઘળે ભારી રે. ૨
નથી વેપારમાં કાંઇ સાર, એવું સુણિયે રે;
તો ખેતિ માટે તૈયાર, કેમ ન થઇયે રે. ૩

* "કબ સમરોગે રામ, અબ તુમ"—ઈત્યાદિ રાહ.

=આ ગરબો માડ, કેદારો, ખમાચ, બિહાગ, જોગી, સોરઠ અને સોહણી વગેરે ઘણા રાગમાં ગવાય છે, માટે તેને "સાગર" નામ આપ્યું છે.

કરો કૃષિ વિદ્યાની શોધ, ખેતિ સુધારો રે;
આપો ખેડુતને શુભ બોધ, પશુઓ વધારો રે. ૪
ગાય બળદ ને ઘોડા ભેંસ, દુર્બળ દીસે રે;
વાગે ઠેંસ ચાલે નહિ લેશ, રડતાં ચીસે રે. ૫
ઘણી ગાય ગરીબ રિબાય, છે દુઃખદાઇ રે;
તેના રક્ષણ માટે ઉપાય, થાય ન કાંઇ રે. ૬
કરો મુંગા પશુની દયાય, દિલની દાઝે રે;
ધર્મ સાથે અર્થ સધાય, એકજ કાજે રે. ૭
આજ અન્ન પાણીની તાણ, જ્યાં ત્યાં સુણિયે રે;
થાય પશુતણી ઘણી હાણ, કારણ ગણિયે રે. ૮
માટે કરિયે પશુની રક્ષાય, તન મન ધનથી રે;
કાન રસ કસ દેશ સુહાય, શુભ સાધનથી રે. ૯

(પદ-રાહ અંગ્રેજી.)

પાળો પશુ સુજાણ, ટાળી હિંસા ને હાણ,
ખરાં સુખોની ખાણ, થાય લોકકલ્યાણ. (ટેક.)
એ છે જગનો આધાર, વધે વિદ્યા વેપાર,
ભલાં નર ને ઓ નાર! કરો કાંઈ વિચાર. પાળો પશુ૦ ૧
મટે કાળો દુકાળ, ઝેરી દુઃખોની ઝાળ,
રહો ખુશી ખુશાલ, વૃદ્ધ જુવાન બાળ. પાળો પશુ૦ ૨
ખાઓ પાંચે પકવાન, રહો સુખે ગુલ્તાન,
ભજો ભાવે ભગવાન, એવું ઇચ્છે કહાન. પાળો પશુ૦ ૩

(પદ—રામશ્રી.*)

પશુરક્ષા જનરક્ષા એકજ, જીવ દયા ન જુદાઈ રે; (ટેક.)
સર્વ ધર્મના સિદ્ધાંતોમાં, મહત્તા એજ મનાઇ રે. પશુરક્ષા૦ ૧

---

* " ઝીલલડી રે તને હરિગુણ ગાતાં."—ઈત્યાદિ રાહ ઉપરાંત રાગણી ઝુલ્ણા, ઝીંઝોટી, પદ તાલ ત્રિતાલમાં પણ ગવાય છે.

ભેદ ગણે તે મૂરખ મ્હોટો, ખરા કામમાં ખોટો રે;
ભેદ બુદ્ધિથી બાઇ આપણે, થયો ન થોડો તોટો રે. પશુરક્ષા૦ ૨

અન્યાશ્રયની તજી અપેક્ષા, જાતે જુગતું કરવું રે;
અમૂલ્ય અવસર વહી જાય છે, થાય પલકમાં મરવું રે. પશુરક્ષા૦ ૩

પશુરક્ષાથી ખેતી થાશે, અન જળ વસ્ત્રો મળશે રે;
ભૂખ તરસ ને રોગ શોકનાં, કાન કષ્ટ સહુ ટળશે રે. પશુરક્ષા૦ ૪

(પદ–હિંડોળ×).

રંક પશુઓ કરે પુકાર, સજ્જન સજ્જ બનો નિર્ધાર. (ટેક)

પશુરક્ષા રક્ષાજ તમારી, સત્વર તેની કરો તૈયારી;
જુદાઇની સહુ વાત વિસારી, સંપવડે સાધો સુખ સાર.

રંક પશુઓ૦ ૧

રસ કસની આબાદી થાશે, રોગ શોક દુખ દૂરે જાશે;
દૂધ દહીં ઘી ખૂબ જમાશે, તન મન બળ મળશે નિર્ધાર.

રંક પશુઓ૦ ૨

ગાયો ભેંસો બળદો ઘોડા, ઉપકારી જાણો નહિ થોડા;
એનાં ઉત્તમ જોડા જોડાં, પાળો પૂરણ રાખી પ્યાર.

રંક પશુઓ૦ ૩

ઉજ્જવળ આપણુ પશુ પ્રતાપે, કાંઇ બને નહિ કાળજ આપે;
પશુપીડા પણ કોય ન કાપે, કાન મને અપસોસ અપાર.

રંક પશુઓ૦ ૪

× તાલ ધીમો ત્રિતાલ.

सारुं तें शुं कीधुं ?

(ગરબો–પદ. *)

સારૂં કીધું તેં શું જન્મી, આ સંસારમાં રે; (બે વાર.) (ટેક.)
માણસરૂપે મોટો પ્રાણી, કીધી તેં શું કહે કમાણી?
શ્રેષ્ઠ મનાણો ધન વિદ્યા અધિકારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૧
ખાધું પીધું ખેલો ખેલ્યા, વિલાસ વૈભવ લેશ ન મેલ્યા;
સ્વપ્ને પણ સમજ્યો નહિ સાર વિચારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૨
પાંચ મળે પચ્ચીશે ધાયો, લેવાને શુભ લાભ સવાયો;
ભૂલ્યો ભાન તમામ બજાર વહેવારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૩
ઇશ્વરનામે કર્યા અખાડા, ખણ્યા અધર્મો કેરા ખાડા;
પણ કાળે પકડી પાડયો પલવારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૪
નૂર શૂર કાંઈ ન બતાવ્યું, વીર વંશનું નીર લજાવ્યું;
જાણ્યો જન્મ સફળ આહાર વિહારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૫
ઠકુરાણાજી વ્યસને રાજી, પાજી કરતો હાજી હાજી;
મૂકી માત પિતાજી ભમતો બારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૬
ઇશ્વર સન્મુખ ઉભો રે'શે, ઉત્તરમાં અક્ષર શું કે'શે ?
ઢંગ રંગ તારા કેવા આકારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૭
વિદ્યા વાતો પેટ ભર્યાની, અંતે એ નહિ ઠામ ઠર્યાની;
નહિ કરવાની વાતો હવે ઉચ્ચારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૮
જીભ કરી વશ જર જશ માટે, નિંદા વદતો વાટે ઘાટે;
સંતોષ્યા નહિ સજ્જનને સત્કારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૯
આવરદા ઘટ ઊણો થાએ, ફદ્દ દઇને ફૂટી જાએ;
અરે નફટ મન ! કર પ્રીતિ કિર્તારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૧૦

* " થારો કુબજાસેં મન મોહ્યા, હમસેં અબોલનાં "— ઇ૦ રાહ.

જવાની ઝટ કર તૈયારી, ગઈ વેળની વાત બિસારી;
કાન વિમાસણમાં કર્તવ્ય વિસારમાં રે. સારૂં કીધું તેં શું૦ ૧૧

मनने बोध

(હોરી—દીપચંદી.*)

કર રે કર કામ તું તારૂં,
વચન્તુ એક માન આ મારૂં. (ટેક.)
દુર્લભ માનવ જન્મ મળ્યો તે,
વણસાવે વાતમાં વારૂ;
મગન થઇ ફરે મદ મત્સરમાં,
મિથ્યા કરે મારૂં મારૂં,
કથન રસનાએ આકારૂં, કર રે કર૦ ૧

કીટ પશુ પેર જન્મવું મરવું,
પંચ વિષય સુખ પ્યારૂં;
અન્ય જિવો ઉપકારક છે પણ,
તેં કર્યું કોણનું સારૂં,
કદાપિ ન તેહ વિચાર્યું, કર રે કર૦ ૨

જાયું જવાનું ખિલ્યું ખરવાનું,
મરવાનું અણધાર્યું;
કરથી કરે તેજ તારૂં સમજજે,
સ્વારથી જગત ઠગારૂં,
નથી કોઇ તારૂં થનારૂં, કર રે કર૦ ૩

---

* “ સામરો અજહુ નહિ આયો ”—ઇત્યાદિ રાહે ગવાય છે.

ગાય ગરિબને આશ્રય આપે,
એજ જિવન કૃત્ય સારૂં;
પરનિંદા પર પ્રેમની મમતા,
પરધન કર કાં પ્યારૂં,
કાન અનરથ કરનારૂં. કર રે કર૦ ૪

विक्टोरियानी विद्याप्रीति.*

(સાખી—મરાઠી ચાલની.)

વિદ્યાપ્રીતિ રાણીશ્રીની સ્તુતિ કરવા જેવી;
એંશી વર્ષે હિંદી શીખે, બુદ્ધિમતા એ કેવી? ૧
અંગ્રેજીમાં ગ્રંથ રચીને, દીધું વિદ્યાદાન;
બિજી પણ બહુ ભાષા જાણે, એવાં એ ગુણવાન. ૨
ભેટજ લેવા ભરતભૂમિની, ઇચ્છા ઉરથી કીધ;
વૈદ્યજનોએ ના કે'વાથી, પુત્ર પાઠવી દીધ. ૩
દશેક વર્ષજ ઉપર આવ્યા, ડયુક કોનાટ કુમાર;
સેયાપતિની પદ્વિપર એ, રાણીશ્રીનો પ્યાર. ૪
પ્રથમ આવ્યા પ્રિન્સ વેલ્સ તે, માતાનાજ પ્રતાપ;
કરિ દીવાળી હિંદ પ્રજાએ, આપ્યું માન અમાપ. ૫
હિંદવિ ભાષા હિંદ પ્રજાને, હિંદભૂમિ પર ભાવ;
હિંદ હિતૈષિ કયસરેહિંદનો, એવો પ્રેમ પ્રભાવ. ૬
તે વિજયા વિકટોરિયા રાણી, જીવો વર્ષ અનંત;
પરસ્પરના ભક્તિ ભાવે, કાન થઇ નિશ્ચિંત. ૭

---

* મુંબઈ મધ્યે થયેલા જુબિલી મહોત્સવ પ્રસંગે આ કવિતા માધવબાગમાં તથા કોટમાં રાણીશ્રીનાં પૂતળાં પાસે ગવાઇ હતી; ઈ. સ. ૧૮૯૬.

વેચવાનાં પુસ્તકો.

(ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ પ્રકટ કરેલાં).

૧ રાસમાળા ભાગ ૧ રૂ. ૨
૨ ,, ભાગ ૨ રૂ. ૨
૩ ફ્રાન્સીસ બેકનનું ચરિત્ર રૂ. ૧।
૪ ધર્મનીતિ રૂ. ૦।=
૫ બાળલગ્નના સંબંધમાં આપણું કર્તવ્ય રૂ. ૦।=
૬ નારી શિક્ષા ભાગ ૧ રૂ. ૦।≡
૭ ,, ,, ભાગ ૨ રૂ. ૦॥-
૮ કેફ નિષેધક રૂ. ૦॥
૯ વેણી સંહાર નાટક રૂ. ૦॥
૧૦ શામળ શતસાઇ રૂ. ૦)≡
૧૧ જમણવાર વિષે નિબંધ રૂ. ૦॥
૧૨ સીતા-દમયંતી આખ્યાન રૂ. ૦)=॥
૧૩ સ્થાનિક સ્વરાજ્ય રૂ. ૦॥
૧૪ માને શિખામણ રૂ. ૦।=
૧૫ પુનર્વિવાહની ફજેતી રૂ. ૦।-
૧૬ સત્સંગ વિષે નિબંધ રૂ. ૦)=
૧૭ દારૂ વિષે ભાષણ રૂ. ૦)૦॥
૧૮ માઉંટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન રૂ. ૦॥।
૧૯ છોટાલાલ બાવની રૂ. ૦)૦॥
૨૦ રણજીતસિંહ રૂ. ૦॥।
૨૧ અંગઉધારનો ઝગડો રૂ. ૦)૦।
૨૨ સર વિલિયમ વૉલેસ રૂ. ૦)=
૨૩ કથનાવળી રૂ. ૦।
૨૪ તંબાકુ ને ભાંગનાં માદક તત્વ રૂ. ૦)૦॥
૨૫ રઘુવંશકાવ્ય રૂ. ૧
૨૬ બાળવિવાહ નિબંધ રૂ. ૦।
૨૭ ફ્રાન્સની ઉથલપાથલ રૂ. ૦॥।
૨૮ પાતંજલ યોગદર્શન રૂ. ૨
૨૯ સદ્વર્તન રૂ. ૧॥
૩૦ સેવિંગબેંકની અગત્ય રૂ. ૦।=
૩૧ નીતિ સિદ્ધાંત રૂ. ૧
૩૨ શિક્ષણસૂત્ર રૂ. ૦)=
૩૩ ગૃહિણી કર્તવ્ય દિપિકા રૂ. ૦॥=
૩૪ પ્રખ્યાત સ્ત્રીઓનાં ગુણકીર્તન રૂ. ૦।
૩૫ ગુજરાતી પિંગળ રૂ. ૦)=
૩૬ નશીબ ને ઉદ્યોગ રૂ. ૦)≡
૩૭ લૉર્ડ લૉરેન્સ રૂ. ૦॥।
૩૮ પ્રતિનિધિ રાજ્યવિષે વિવેચન. રૂ. ૧
૩૯ આરોગ્યતાનાં મૂળતત્વ રૂ. ૦)≡
૪૦ બોધકચરિત્ર રૂ. ૦)≡
૪૧ લંકાનો ઇતિહાસ રૂ. ૦)≡
૪૨ હિંદુસ્તાનનાં ગામડાંઓની આરોગ્યતા રૂ. ૦।
૪૩ દુનિયાંની બાલ્યાવસ્થા રૂ. ૦)≡
૪૪ વિદ્યાબોધ રૂ. ૦)≡
૪૫ ઇંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ રૂ. ૨)
૪૬ બ્રાહ્મણોના સોળ સંસ્કાર રૂ. ૧)
૪૭ જાવજી દાદાજીનું ચરિત્ર રૂ. ૦)=
૪૮ માર્કોપોલોનો પ્રવાસ રૂ. ૦॥=
૪૯ મહાન આલ્ફ્રેડનું ચરિત્ર રૂ. ૦)≡
૫૦ ગુજરાતના ઉત્કર્ષ વિષે રૂ. ૦॥
૫૧ જીંદગીનું સાફલ્ય રૂ. ૧
૫૨ મોહીસીનનાં નીતિવચનો રૂ. ૧
૫૩ કેળવણી. રૂ. ૧

૫૪ ગુજરાતનો પ્રાચીન ઈ-
તિહાસ ભાગ ૧ રૂ. ૦ાાા
૫૫ મિથ્યાભિમાન નાટક રૂ. ૦ા=
૫૬ કથી કથી ન્યાતો કન્યાની
અછતથી નાની થાયછે રૂ. ૦ા≡
૫૭ દુકાળ નિબંધ રૂ. ૦ા-
૫૮ શિક્ષા વચન રૂ. ૦)-
૫૯ સરળ પદાર્થ વિજ્ઞાન રૂ. ૦ા=
૬૦ વિવાહતત્વ સિંધુ રૂ. ૦ા
૬૧ રાણીજીના છંદ રૂ. ૦)૦ા
૬૨ કુટુંબનું અભિમાન તથા
પોતાનો દુરાગ્રહ. રૂ. ૦)=
૬૩ નીતિમંદિર રૂ. ૦ાાા
૬૪ ડીમોસ્થિન્સનું ચરિત્ર રૂ. ૦)=
૬૫ કુમારી કાર્પેન્ટરનું ચરિત્ર રૂ. ૦)=
૬૬ દર્શનશાસ્ત્ર સંબંધી ચર્ચા ૦)≡
૬૭ પ્રેસિડેંટ લિંકનનું ચરિત્ર રૂ. ૦ાાા
૬૮ ગરબાવળી. રૂ. ૦)-
૬૯ સ્ત્રી નીતિધર્મ. રૂ. ૦ાા
૭૦ ભિક્ષુક વિષે નિબંધ રૂ. ૦ાા
૭૧ કર્તવ્ય. રૂ. ૧ાા
૭૨ હુન્નરખાનની ચઢાઇ રૂ. ૦)-
૭૩ યુવાનોને બોધવચન રૂ. ૦ાા
૭૪ કચ્છ ગરબાવળી. રૂ. ૦ા-
૭૫ સાધારણ પદાર્થોનું રસા-
યણ રૂ. ૦ા=
૭૬ ન્યાયશાસ્ત્ર રૂ. ૦ાાા
૭૭ જ્ઞાતિનિબંધ. રૂ. ૦ા-
૭૮ કવિતાવિલાસ. રૂ. ૦ાાા
૭૯ સ્વાતંત્ર્ય રૂ. ૧
૮૦ લક્ષ્મી નાટક રૂ. ૦)≡
૮૧ ઉત્સર્ગમાળા રૂ. ૦ાા
૮૨ માંદાની માવજત રૂ. ૦)=
૮૩ બર્નિયરનો પ્રવાસ રૂ. ૧
૮૪ બેન્જામીન ફ્રાંકલીન રૂ. ૧
૮૫ પ્રાચીન ભારત ભાગ ૧ રૂ. ૦ાાા
૮૬ અનેક વિદ્યા મૂળતત્વ
સંગ્રહ રૂ. ૧
૮૭ ગ્રીસનો ઇતિહાસ રૂ. ૦ાાા=
૮૮ હિંદનાં મહારાણી ને તેમનું
કુટુંબ રૂ. ૦)=
૮૯ દુકાળ વિષે નિબંધ. રૂ. ૧ાા
૯૦ રામાયણ (કિદ્ધવનું) રૂ. ૧ાાા
૯૧ જીવજંતુ ને તેની આ-
બાદાની રૂ. ૦ા
૯૨ બાદવાસ્થળી રૂ. ૦)ાા
૯૩ પ્રાન્સ વિરહ રૂ. ૦)-
૯૪ અનાદિકાળથી ચાલતી
આવેલી પ્રાણિજસૃષ્ટિ. રૂ. ૦)-
૯૫ ભૂતનિબંધ રૂ. ૦ા=
૯૬ ગુજરાતના ભિખારીઓ રૂ. ૦ા
૯૭ સંપલક્ષ્મી સંવાદ રૂ. ૦)-
૯૮ રૂઢિ પ્રયોગકોશ રૂ. ૧ાાા
૯૯ વચનવિવેક બાવની રૂ. ૦ાા
૧૦૦ ભોજનવ્યવહાર ત્યાં
કન્યાવ્યવહાર રૂ. ૦ા
૧૦૧ કેરી વસ્તુનું વર્ણન રૂ. ૦ા
૧૦૨ કીમીઆગર ચરિત્ર રૂ. ૦ા
૧૦૩ માનું કર્તવ્ય રૂ. ૦ા
૧૦૪ ઇશ્વરચંદ્રનું ચરિત્ર રૂ. ૦ાા-
૧૦૫ ગુજરાતનો પ્રાચીન
ઇતિહાસ ભાગ ૨ રૂ. ૧

૧૦૬ હિંદુસ્તાનમાં આરોગ્યતાનો સુધારો રૂ. ૦)≡
૧૦૭ રાજવિદ્યાભ્યાસ રૂ. ૦)–
૧૦૮ ગુજરાતી ભાષાનો ઇતિહાસ રૂ. ૦।
૧૦૯ સ્ત્રી સંભાષણ રૂ. ૦)–॥
૧૧૦ સ્ત્રીજાતિ વિષે વિવેચન રૂ. ૦॥
૧૧૧ ઉદ્યોગી પુરુષો રૂ. ૦।
૧૧૨ ધાર્મિક પુરુષો રૂ. ૦।
૧૧૩ પરદેશી માલ આ દેશમાં તૈયારકરવાના ઉપાયો રૂ. ૦॥
૧૧૪ સુરત–માંડવીનું દેશી રાજ્ય રૂ. ૦॥
૧૧૫ ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા રૂ. ૦॥=
૧૧૬ અકબર ચરિત્ર રૂ. ૦॥
૧૧૭ હિંદની રાજવ્યવસ્થા ને લોકસ્થિતિ રૂ. ૧॥
૧૧૮ વિધવા વપન અનાચાર રૂ. ૦।
૧૧૯ મા ને દીકરી રૂ. ૦)≡
૧૨૦ મનગમતી સ્ત્રી રૂ. ૦)–
૧૨૧ પાર્વતીકુંવર ચરિત્ર રૂ. ૦)≡
૧૨૨ ખેતીવાડીના સુધારા વિષે નિબંધ. રૂ. ૦॥।
૧૨૩ ઘરમાં વપરાતી ચીજોનું રસાયન રૂ. ૦।
૧૨૪ વેનચરિત્ર રૂ. ૦।=
૧૨૫ આબળા સંજીવન રૂ. ૦॥
૧૨૬ જીંદગીનો ઉપયોગ રૂ. ૧
૧૨૭ હારવલ્લભદાસનું ચરિત્ર રૂ. ૦।=
૧૨૮ છોકરાંઓની આરોગ્યતા રૂ. ૦।=
૧૨૯ ભ્રાંતિ સંહાર નાટક. રૂ. ૦॥
૧૩૦ દારૂ અને તેની તન–મનપર અસર " ૦॥=
૧૩૧ વનસ્પતી તત્વજ્ઞાન રૂ. ૦।=
૧૩૨ ઔષધી કોષ રૂ. ૧॥
૧૩૩ જીવતત્વ. રૂ. ૦॥
૧૩૪ અર્થ શાસ્ત્રનાં મૂળ–તત્વો રૂ. ૦॥=
૧૩૫ નામાંકિત નારીઓ રૂ. ૦।=
૧૩૬ રાજા રામ મોહનરાયનું ચરિત્ર. ૧
૧૩૭ પરોપકાર રૂ. ૦॥।
૧૩૮ પ્રાણી… [illegible]
દરેક ભાગની કિ. રૂ. ૦॥
૧૩૯ શિક્ષણ શાસ્ત્ર. રૂ. ૦॥
૧૪૦ રૂપીઆ રૂ. ૦।=